FRIDAY
૦૫-૦૩-૨૦૨૧
વિ.સ. ૨૦૭૭, મહા વદ ૭
અંક : ૧૨૭
કુલ પાના : ૮

સત્ય માટે, સત્ય સાથે સતત..
# ચક્રવાત
રાજકોટથી પ્રસિદ્ધ થતું અને બહોળો ફેલાવો ધરાવતું દૈનિક અખબાર....




● મેનેજિંગ તંત્રીશ્રી : જિજ્ઞેશભાઈ કાલાવડીયા ● તંત્રીશ્રી : યાકુબ આર. બાદી ● એસો. એડીટર : જે.પી. જાડેજા ● હેડ ઓફિસ : ચક્રવાત ભવન, અંબાજી કડવા પ્લોટ, આનંદ બંગલા ચોક પાસે, મવડી રોડ, રાજકોટ. ● વર્ષ : ૭ ● RNI Reg. No.GUJGUJ/2013/66120 ●કિંમત રૂા. ૪

### અમેરિકા થિંકટેન્ક ફ્રિડમે ભારતના સ્કોરને નીચો કરી દીધો : ભારતનો સ્કોર ૭૧થી ઘટીને ૭૯ થઈ ગયો,ભારત આઝાદમાંથી 'આંશિક આઝાદ' દેશ બની ગયો

# મોદી રાજમાં આઝાદી ઝંખવાઈ : અમેરિકન એજન્સી

(જી.એન.એસ.)વોશિંગ્ટન,તા.૪

મોદી સરકાર વર્ષ ૨૦૧૪થી ભારતમાં શાસન કરી રહી છે ત્યારે અમેરિકાની એક રિપોર્ટમાં દાવો કરાયો છે કે ભારતમાં આઝાદી ઘટી ગઈ છે. અમેરિકાના વોશિંગ્ટન ખાતે આવેલી થિંક ટેંકે ભારતના ફ્રીડમ સ્કોરને ડાઉનગ્રેડ એટલે કે નીચો કરી દીધો છે. ફ્રીડમ હાઉસના રેક્રિંગમાં ભારત પહેલા 'હ્રઈઈ' કેટેગરીના દેશોમાં હતો પરંતુ હવે ભારતના રેક્રિંગને ઘટાડીને 'છઈ્‌ન્રૂ હ્રઈઈ' કેટેગરીમાં કરી દેવાયું છે.

અમેરિકન થિંક ટેક્ર ફ્રીડમ હાઉસે પોતાની રિપોર્ટમાં કહ્યું છે કે ભારતમાં લોકોની સ્વતંત્રતા ઓછી થઈ ગઈ છે. રિપોર્ટમાં કહેવામાં આવ્યું છે કે ભારત હવે સ્વતંત્ર દેશની જગ્યાએ આંશિક રૂપે સ્વતંત્ર દેશમાં બદલાઈ ગયો છે. નોંધનીય છે કે આ રિપોર્ટમાં પોલિટિકલ ફ્રીડમ અને માનવાધિકારને લઈને ઘણા દેશોમાં રિસર્ચ કરવામાં આવી હતી અને આ રિપોર્ટમાં સ્પષ્ટ લખવામાં આવ્યું છે કે ભારતમાં વર્ષ ૨૦૧૪માં સત્તાપરિવર્તન બાદ નાગરિકોની સ્વતંત્રતામાં ઘટાડો આવ્યો છે.

ડેમોક્રેસિ અંડર સીઝ નામકન રિપોર્ટમાં ભારતને ૧૦૦માંથી ૬૭ નંબર આપવામાં આવ્યા છે, ગતવર્ષે





ભારતને આ રિપોર્ટમાં ૭૧ નંબર આપવામાં આવ્યા હતા. ૨૧૧ દેશોમાં ભારત હવે ૮૩થી ખસીને ૮૮માં નંબર પર પહોંચી ગયું છે. રિપોર્ટમાં કહેવામાં આવ્યું છે કે ભારતમાં સરકારની ટીકા કરનારા લોકોને હેરાન પરેશાન

**દેશમાં મોદી સરકાર બન્યા બાદ લોકોની સ્વતંત્રતામાં ઘટાડો થયો : માનવાધિકાર સંગઠનો પર વધી રહ્યું છે દબાણ**

કરવામાં આવી રહ્યા છે. લેખકો અને પત્રકારો પર દબાણ બનાવવામાં આવી રહ્યું છે. ફ્રીડમ હાઉસની આ રિપોર્ટમાં કહેવામાં આવ્યું છે કે પ્રધાનમંત્રી મોદી અને ભારતીય જનતા પાર્ટીની સરકાર ભેદભાવપૂર્ણ નીતિન અપનાવી રહ્યા છે અને હિંસા વધી ગઈ છે તથા મુસ્લિમો હિંસાના શિકાર થયા છે. ફ્રીડમ હાઉસની રિપોર્ટનું કહેવું છે કે ભારતમાં માનવાધિકાર સંગઠનો પર દબાણ ખૂબ વધી ગયું છે અને નાગરિક સ્વતંત્રતાની પરિસ્થિતિમાં લપડાક જોવા મળી છે. નાગરિક સ્વતંત્રતાની રેટિંગમાં ભારતને ૬૦માંથી ૩૩ અંક આપવામાં આવ્યા છે જ્યારે રાજકીય અધિકારો મામલે ૪૦માંથી ૩૪ અંક આપવામાં આવ્યા છે.

આ રિપોર્ટમાં કોરોના વાયરસકાળમાં લગાવવામાં આવેલા લોકડાઉનની પણ ચર્ચા કરવામાં આવી છે. રિપોર્ટ અનુસાર ભારતમાં જે લોકડાઉન કરવામાં આવ્યું તે ખતરનાક હતું અને તેમાં લાખો શ્રમિકોએ પલાયન કરવું પડ્યું હતું.

ફ્રીડમ ઈન ધ વર્લ્ડ' રાજકીય અધિકારો અને નાગરિક સ્વતંત્રતા પર એક વાર્ષિક વૈશ્વિક રિપોર્ટ છે. આ રિપોર્ટમાં એક જાન્યુઆરી ૨૦૨૦થી લઈને ૩૧ ડિસેમ્બર ૨૦૨૦ સુધી ૨૫ પોઈન્ટ માટે ૧૯૫ દેશો અને ૧૫ રાજ્યો પર રિસર્ચ કરવામાં આવ્યુ. રિપોર્ટમાં શામેલ ૧૯૫ દેશોમાંથી માત્ર બેને જ પૉઝિટીવ રેટિંગ આપવામાં આવ્યુ. નાગરિક સ્વતંત્રતામાં ભારતને ૬૦માંથી ૩૩ પોઈન્ટ આપવામાં આવ્યા છે. જ્યારે રાજકીય અધિકારો પર ૪૦માંથી ૩૪ પોઈન્ટ આપવામાં આવ્યા.

## મતદારોને રિઝવવા મરણીયા પ્રયાસો : કેરળમાં મુખ્યમંત્રી પદના ઉમેદવાર તરીકે શ્રીધરન

(જી.એન.એસ)તિરૂવનંતપુરમ્,તા.૩

કેરળ વિધાનસભા ચૂંટણી પહેલા મોટા સમાચાર છે. તાજેતરમાં જ રાજનીતિમાં આવેલા 'મેટ્રો મેન' ઈ. શ્રીધરન રાજ્યમાં ભારતીય જનતા પાર્ટીનો મુખ્ય ચહેરો થવા જઈ રહ્યા છે. તેમણે ગત ૨૫ ફેબ્રુઆરીના બીજેપીની સદસ્યતા લીધી છે. ગુરૂવારના તેમણે કહ્યું કે, તેઓ દિલ્હી મેટ્રો રેલ કૉર્પોરેશન એટલે કે DMRCથી રાજીનામું આપ્યા બાદ જ ચૂંટણીમાં નામાંકન દાખલ કરશે. પાર્ટીમાં તેમના સામેલ થવાની સાથે જ



સીએમ પદની અટકળો લગાવવામાં આવી રહી હતી.

દેશભરમાં 'મેટ્રો મેન'ના નામથી જાણીતા ઈ. શ્રીધરન કેરળમાં મુખ્યમંત્રી પદનો ચહેરો હશે. બીજેપી પ્રદેશ અધ્યક્ષ કે. સુરેન્દ્રને આની જાહેરાત કરી છે. તેઓ અત્યારે સમગ્ર રાજ્યમાં રાજકીય પ્રવાસ પર છે. તેમણે કહ્યું કે, ''પાર્ટી જલદી બીજા ઉમેદવારોની યાદી પણ જાહેર કરશે.'' ગુરૂવારના શ્રીધરને કહ્યું કે, તેમણે હજુ સુધી સીટનો નિર્ણય નથી લીધો. તેમણે કહ્યું કે, ''હું કોઈ પણ સીટથી લડવા માટે તૈયાર છું, મારી જીત નક્કી છે. મને પાક્કો ભરોસો છે કે બીજેપી સત્તામાં આવશે. તેમણે કહ્યું કે, હું એવી સીટથી ચૂંટણી લડવા ઈચ્છુ છું જે મલપ્પુરમમાં પોનાનીથી દૂર ના હોય, જ્યાં હું રહું છું.''

## આયોધ્યામાં રામ મંદિરના નિર્માણ માટે ૧૦૭ એકર જમીનની ફાળવણી

(જી.એન.એસ.)અયોધ્યા,તા.૪

ઉત્તર પ્રદેશના અયોધ્યામાં ભવ્ય રામ મંદિરનું નિર્માણ કરવામાં આવી રહ્યું છે. શ્રીરામ જન્મભૂમિ ટ્રસ્ટ દ્વારા હવે રામ મંદિર નિર્માણને લઈને એક મહત્વનો નિર્ણય લેવામાં આવ્યો છે. હવે રામ મંદિર ૭૦ નહીં પણ ૧૦૭ એકરમાં બનશે. ટ્રસ્ટના જણાવ્યા પ્રમાણે શ્રી રામ જન્મભૂમિ પરિસરની આસપાસ ટ્રસ્ટે વધારે ૭૨૮૫ સ્ક્વેર ફૂટ જમીન ખરીદી લીધી છે.

આ જમીન ખરીદવામાં આવ્યા બાદ રામ મંદિર પરિસરનું નિર્માણ ૧૦૭ એકરમાં કરવામાં આવશે. રામજન્મભૂમિ વિવાદ પર આવેલા નિર્ણયમાં સુપ્રીમ કોર્ટે શ્રી રામ જન્મભૂમિ તીર્થ ક્ષેત્ર ટ્રસ્ટને ૭૦ એકર જમીન મળી હતી. જે પહેલા કેન્દ્ર સરકારને આધિન હતી. પરંતુ હવે ટ્રસ્ટ તરફથી હવે આસપાસની કેટલીક વધુ જમીન ખરીદવામાં આવી છે જેથી કરીને રામ મંદિર પરિષરને ભવ્ય અને વિશાળ સ્વરૂપ આપી શકાય. શ્રીરામ જન્મભૂમી તીર્થ ક્ષેત્ર ટ્રસ્ટના જણાવ્યા પ્રમાણે રામ જન્મભૂમિ પરિસરમાં લગભગ પાંચ એકર વિસ્તારમાં રામલલ્લાનું મંદિર બનશે.

## ત્રણેય કૃષિ કાયદા પાછા ન લેવાય ત્યાં સુધી આંદોલન શરૂ રહેશે : રાકેશ ટિકૈત

**ખેડૂત આંદોલનના સમર્થનમાં ભાજપ સાંસદ રાજીનામું આપશે**

(જી.એન.એસ)ન્યુ દિલ્હી,તા.૩

નવા કૃષિ કાયદાઓની વિરુદ્ધ ખેડૂતોના આંદોલનના ૧૦૦ દિવસ પૂર્ણ થવાના છે. આ દરમિયાન ખેડૂત નેતા રાકેશ ટિકૈતે એક દાવો કરીને ભારતીય જનતા પાર્ટીની ચિંતા વધારી દીધી છે. રાકેશ ટિકૈતનું કહેવું છે કે, આ મહિને આંદોલનના સમર્થનમાં એક બીજેપી સાંસદ રાજીનામું આપશે, જેટલા બીજેપીના સાંસદ છે તેટલા દિવસ આ આંદોલન ચાલું રહેશે. જો કે રાકેશ ટિકૈતે બીજેપી સાંસદના નામનો ખુલાસો નથી કર્યો, પરંતુ અનેક પ્રકારની અટકળો લગાવવામાં આવી રહી છે.

કેટલાક લોકોનું કહેવું છે કે રાજીનામું આપનારા સાંસદ પશ્ચિમી યૂપીથી હોઈ શકે છે, જ્યારે કેટલાક લોકોનું કહેવું છે કે પંજાબ અથવા હરિયાણાના બીજેપી સાંસદ પોતાનું રાજીનામું આપી શકે છે. એક વાતચીતમાં રાકેશ ટિકૈતે પાર્લામેન્ટ પર મંડી બનાવવાની વાત કહી છે. ટિકૈતે કહ્યું કે, સરકાર કહે છે કે તમે તમારો પાક ક્યાંય પણ વેચી શકો છો અને કોઈ પણ ભાવમાં વેચી શકો છો. આવામાં જ્યાં ખેતી પર કાયદો બન્યો છે એ જ પાર્લામેન્ટની બહાર ખેડૂતોનો પાક વેચવો યોગ્ય રહેશે જેથી યોગ્ય કિંમત મળી શકે. રાકેશ ટિકૈતે એ વાતનું પણ પુનરાવર્તન કર્યું કે, તેઓ પશ્ચિમ બંગાળમાં જઈને આગામી મહિને પંચાયત કરશે.




## પેટ્રોલ પંપ પરથી મોદીની તસવીરો અને હોર્ડિંગ્સ હટાવવા ચૂંટણી પંચનો આદેશ



(જી.એન.એસ.)ન્યુ દિલ્હી,તા.૪

ચૂંટણી પંચે પેટ્રોલ પમ્પ્સને આદેશ આપ્યો છે કે તેઓ ૭૨-કલાકની અંદર વડા પ્રધાન નરેન્દ્ર મોદીની તસવીરો ધરાવતા હોર્ડિંગ્સ દૂર કરે, કારણ કે પાંચ રાજ્યોમાં આ મહિનાના અંતભાગમાં વિધાનસભાની ચૂંટણી યોજાવાની છે અને એ માટેની આચારસંહિતા અમલમાં આવી ગઈ છે. પશ્ચિમ બંગાળ, આસામ, કેરળ, તામિલનાડુ અને કેન્દ્રશાસિત પ્રદેશ પુડુચેરીમાં વિધાનસભાની ચૂંટણી યોજાવાની છે. ચૂંટણી પંચે આ રાજ્યોના તમામ પેટ્રોલ પમ્પ્સને આદેશ આપ્યો છે કે તેઓ વડા પ્રધાન મોદીના ચિત્રો-તસવીરો દર્શાવતી કેન્દ્ર સરકારી યોજનાઓને લગતા હોર્ડિંગ્સ ૭૨-કલાકમાં દૂર કરે. પશ્ચિમ બંગાળની શાસક પાર્ટી તૃણમુલ કોંગ્રેસ પાર્ટીએ કરેલી ફરિયાદને પગલે ચૂંટણી પંચે આ પગલું ભર્યું છે.

## સ્પેસ એક્સના સૌથી મોટા રોકેટના ત્રીજી ટેસ્ટ ફ્લાઈટ્સના સફળ લેન્ડિંગ બાદ વિસ્ફોટ

(જી.એન.એસ.)વોશિંગ્ટન,તા.૪

એલન મસ્કની સ્પેસ એક્સપ્લોરેશન ટેક્નોલોજીસ કોર્પોરેશન (સ્પેસએક્સ)ના નવા અને સૌથી વિશાળ રોકેટે પોતાની ત્રીજી ટેસ્ટ ફ્લાઈટમાં પ્રથમ વખત સફળ લેન્ડિંગ કર્યું હતું. જો કે થોડી વાર બાદ તેમાં વિસ્ફોટ થયો હતો અને આગ લાગી ગઈ હતી. હકીકતે સ્પેસએક્સના સ્પેસક્રાફ્ટ સ્ટારશિપ એસએન૧૦ને સાંજે ૫:૧૫ કલાકે બોલા ચિકા ખાતેથી લોન્ચ કરવામાં આવ્યું હતું. કંપનીએ તેનો એક વીડિયો પોતાની વેબસાઈટ પર જાહેર કર્યો છે. વેબસાઈટના અહેવાલ પ્રમાણે રોકેટે લેન્ડ પેડને અડતા પહેલા ૧૦ કિમી સુધીની ઉડાન ભરી હતી. લેન્ડિંગ બાદ તરત જ રોકેટમાં વિસ્ફોટ થઈ ગયો હતો અને તે આગની લપેટોમાં



ઘેરાઈ ગયું હતું. આગ લાગતા પહેલા રોકેટ પોતાના ૩ પ્રયત્નોમાં પહેલી વખત સફળ લેન્ડિંગ સાથે એક મહત્વના પડાવ પર પહોંચ્યું છે. આ રોકેટનું સફળ લેન્ડિંગ સ્પેસ ટ્રાવેલની દિશાનું મહત્વનું પગલું છે. આ સફળતા સ્પેસએક્સના સીઈઓ એલન મસ્ક ૨૦૨૩ સુધીમાં ૧૨ લોકોને ચંદ્ર પર મોકલવા માંગે છે તે દિશાનું મહત્વનું પગલું છે.

## આઈટી, સીબીઆઈને પોતાની આંગળીઓ પર નચાવે છે મોદી સરકાર : રાહુલ ગાંધી

(જી.એન.એસ.)ન્યુ દિલ્હી,તા.૪

આવકવેરા વિભાગે ટેક્ષ ચોરી મામલે ફિલ્મ ડિરેક્ટર અનુરાગ કશ્યપ અને અભિનેત્રી તાપસી પન્નુ સહિતના કલાકારોના ઘરે દરોડા પાડ્યા તેને લઈ કોંગ્રેસના પૂર્વ અધ્યક્ષ રાહુલ ગાંધીએ કેન્દ્ર સરકાર પર નિશાન સાધ્યું છે. તેમણે ટ્વીટર પર કેટલાક રૂઢિપ્રયોગો શેર કરીને કેન્દ્ર સરકાર આવકવેરા વિભાગ, ઈડી અને સીબીઆઈને આંગળીઓ પર નચાવે છે તેમ કહ્યું હતું. ઉપરાંત કોંગ્રેસી નેતા અભિષેક મનુ સિંઘવી અને ઉદિત રાજે પણ આવકવેરા વિભાગની કાર્યવાહી સામે સવાલ ઉઠાવ્યા હતા. અગાઉ અભિનેત્રી સ્વરા ભાસ્કરે આ મામલે તાપસીને પ્રોત્સાહન આપતી ટ્વીટ





કરી હતી. રાહુલ ગાંધીએ ટ્વીટમાં લખ્યું હતું કે, 'કેટલાક રૂઢિપ્રયોગોઃ આંગળીઓ પર નચાવવું- કેન્દ્ર સરકાર ‶ વિભાગ, ઈઢ, ઝ્રમ્ૈં સાથે આવું કરે છે. ભીગી બિલ્લી બનવું- કેન્દ્ર સરકાર સામે મિત્ર મીડિયા. ખિસિયાની બિલ્લી ખંભા નોચે (ખસીયાણી પડેલી બિલ્લી થાંભલા સાથે નખ ભરાવે)- જેમ કેન્દ્ર સરકાર ખેડૂત સમર્થકોના ત્યાં દરોડા પડાવે છે.'

અભિષેક મનુ સિંઘવીએ ટ્વીટરની મદદથી વડાપ્રધાન નરેન્દ્ર મોદી સામે નિશાન તાક્યું હતું. સિંઘવીએ ટ્વીટમાં લખ્યું હતું કે, 'સરકાર વિરૂદ્ધ બોલનારા બોલિવુડના કેટલાક કલાકારોના ત્યાં દરોડા પાડવામાં આવ્યા. અન્ય લોકોના ત્યાં દરોડા નથી પડતા, કારણ કે તેમણે થોડા દિવસો ગુજરાતમાં વિતાવેલા છે.

## કેરળમાં ચૂંટણી પહેલા કોંગ્રેસના ચાર મોટા નેતાઓના રાજીનામા

(જી.એન.એસ.)તિરુવનંતપુરમ્,તા.૪

કેરળમાં કોંગ્રેસના પૂર્વ અધ્યક્ષ રાહુલ ગાંધીએ જોરદાર પ્રચાર કર્યો પરંતુ કેરળમાં વિધાનસભા ચૂંટણી પહેલા કોંગ્રેસ સામે એક નવુ સંકટ આવી ગયુ છે. રાહુલ ગાંધીના લોકસભા ક્ષેત્રમાં કોંગ્રેસના ૪ મોટા નેતાઓએ પાર્ટીમાંથી રાજીનામુ આપી દીધુ. રાહુલ ગાંધીના લોકસભા વિસ્તાર વાયનાડમાં કેરળ રાજ્ય કોંગ્રેસ કમિટીના પૂર્વ સભ્ય કેકે વિશ્વનાથન, કેપીસીસી સચિવ એમએસ વિશ્વનાથન, ડીસીસી મહાસચિવ પીકે અનિલ કુમાર અને મહિલા કોંગ્રેસ નેતા સુજાયા વેણુગોપાલે અસંતોષના કારણે એક સપ્તાહમાં પાર્ટીમાંથી રાજીનામુ આપી દીધુ.

# જિલ્લા લોકવિજ્ઞાન કેન્દ્ર ધ્રોલના બાળકોની નરારા બીચની સાયન્સ સ્ટડી ટૂર યોજાઈ



ચક્રવાત ટીમ હડિયાણા, તા.૦૪

વિશ્વ વન્યજીવન દિવસ ઉજવણી અંતર્ગત ગુજકોસ્ટ ગાંધીનગર પ્રેરિત અને એમ ડી મહેતા એજ્યુકેશન ટ્રસ્ટ ધ્રોલ સંચાલિત શ્રી એમ ડી મહેતા જિલ્લા લોકવિજ્ઞાનકેન્દ્ર ધ્રોલ દ્વારા બાળકો દરિયાઈ જીવસૃષ્ટિ વિશે જાણતા થાય તે ઉદેશથી નરારા ટાપુની સાયન્સ સ્ટડી ટુર સફળતાપૂર્ણ યોજેલ જેમાં ૨૦ બાળકોને (૧) દરિયાઈ જીવસૃષ્ટિ અવલોકન (૨). જીવસૃષ્ટિ પ્રદર્શન (૩) દરિયાઈ જીવો પર વ્યાખ્યાન (૪) દરિયાઈ બીચ પર પ્લાસ્ટિક કલેક્શન જેવી પ્રવૃતિઓ કરી આજનો દિવસ યાદગાર બનાવેલ. સાયન્સ સ્ટડી ટુરમાં કો ઓર્ડીનેટર તરીકે સાથે કેન્દ્રના પંકજ ડાંગર રહેલ આયોજન કેન્દ્રના પ્રોગ્રામ ઓફિસર ડો સંજય પંડ્યાએ કરેલ.

# ભાયાવદરમાં પ્રધાનમંત્રી આવાસ યોજના લાભાર્થીઓને ચિફ ઓફિસરની કનળગત

ચક્રવાત ટીમ કાનભાઈ સુવા, તા.૦૪

ભાયાવદર શહેરના નગરપાલિકા પ્રમુખ નયનભાઈ જીવાણી જણાવિ રહ્યા છે કે વિસ્તારમાં કેન્દ્ર સરકાર દ્વારા પ્રધાન મંત્રી આવાસ યોજના હેઠળ ગરીબ અને મધ્યમવર્ગના લોકોને રૂા.૩,૫૦,૦૦૦/- જેવી સહાય બી.એલ.સી.ઘટક હેઠળ આપવામાં આવે છે. આ યોજના પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીની ગરીબ લક્ષી લોકોને પાકા મકાન બનાવવા માટે ખાલી પ્લોટ, કાચા મકાનોને પાકા બનાવવા માટે આપવામાં આવે છે. તેમાં લાભાર્થીઓની મિલ્કત સંયુકત હોય તેવા પ્રકરણમાં કોઈ પણ એક વ્યકિતને તેમના સંયુકત ભાગીદારો સોગંદનામુ કરીને પોતાનું સમર્થન એક વ્યકિતને આપે છે. તેવા પ્રકરણમાં ભાયાવદર શહેરમાં અમુક મકાનો બની ગયા છે. ત્યારે અત્યારના ચિફ ઓફિસર આવી ફાઈલો રીજેકટ કરીને સરકારમાંથી આવેલા હપ્તા લાભાર્થીઓને સરકારમાં પૈસા પાછા જમા કરાવવા દબાણ કરે છે સરકારમાંથી નિયમ મુજબ લાભાર્થીઓને હપ્તા પણ




આવી ગયેલ હોય તો પણ ચિફ ઓફિસર કેમ ના મંજુર કરે છે ? તેમજ વર્ષો જુનો વિસ્તાર હોય તેવામાં પોતાની મિલ્કત સબ પ્લોટીંગ કરવી શકય ન હોય તેવા પ્રકરણમાં તેમની ફાઈલોમાં સહીઓ ન કરતા હોય લાભાર્થીઓને મકાનનો મળેલો લાભ જતો કરવો પડે છે . સરકારમાંથી લાભાર્થીઓને હપ્તા આવેલ હોય જેથી ગરીબ અને મધ્યમ વર્ગના લોકોએ તેઓના કાચા મકાનો પાડી ભાડે રહેવા જતા રહ્યા હોય ત્યારે આવા લોકો પોતાનું મકાન હોવા છતા હાલ મકાન વિહોણા થઈ ગયા છે નગરપાલિકામાં પણ ચિફ ઓફિસરની અવળ ચંડળાઈને કારણે નિયમ મુજબના થતા ખર્ચના બીલોમાં પણ સહી સમયસર કરતા ન હોય અને નગરપાલિકાના સાધનોમાં આવતા ડીઝલના બીલો પણ સમયસર ન કરવાના કારણે પેટ્રોલ પંપના માલીક પણ ડીઝલ ભરવાની ના પાડી દેવાની અણી ઉપર છે તેમજ કર્મચારીઓના પગાર પણ બબ્બે મહીના સુધી કરતા ન હોય માટે આ ચિફ ઓફિસરની કનળગતના કારણે ભાયાવદર નગરપાલિકાનો રોજીંદો વહીવટ ખોરંભે પાડીને પોતે રજા ઉપર ચાલ્યા ગયા હોય ત્યારે નગરપાલિકાની ચુંટાયેલી બોડીને શહેરમાંથી અસંતોષનો સામનો ચિફ ઓફિસરના કારણે ભોગવવો પડે છે નગરપાલિકાના પ્રમુખ રજુઆત કરવા જાય છે ત્યારે ચિફ ઓફિસર હું તમારી માથે પોલીસ ફરીયાદ કરીશ તેવી ધમકી આપે છે. આ અંગે સભ્યએ કમિશનર કચેરીનો ટેલીફોનીક સંપર્ક સાધતા તેઓએ જણાવેલ કે સર્વે પરી પ્રમુખ હોય છે. ચિફ ઓફિસર તો વહીવટી વડા છે પરંતુ ચિફ ઓફિસર પોતે જ સર્વે સર્વા છે. તેવું જણાવીને ઝોહુકમીથી વહીવટ ચલાવે છે તેવુ ભાયાવદરના પ્રમુખ નયનભાઈ જીવાણીએ જણાવ્યુ છે.

# હડીયાણામાં ભાજપના ભવ્ય વિજય બાદ સતવારા સમાજ દ્વારા સત્કાર સમારંભ



ચક્રવાત ટીમ હડિયાણા, તા.૦૪

હડિયાણા ગામે સ્થાનિક સ્વરાજયની જિલ્લા અને તાલુકા પંચાયતની ચૂંટણીમાં ભાજપનો ભવ્ય વિજય થયો હતો. ત્યારે હડિયાણા ગામ ખાતે સતવારા સમાજમાં સત્કાર સમારંભ યોજવામાં આવ્યો હતો. જામનગર જિલ્લા પચાયતના વિજેતા ઉમેદવાર ધરમશીભાઈ આર. ચનીયારાનું હડિયાણા તાલુકા પંચાયતના ઉમેદવાર નરોત્તમભાઈ એન.સોનગરા ફુલહાર અને સાલ ઓઢાડીને સન્માનિત કરવામાં આવેલ હતા. અને ત્યારબાદ બને ઉમેદવારોનું ગામના અન્ય સમાજના આગેવાનો દ્વારા ફુલહાર કરીને સન્માનિત કરવામાં આવેલ છે. અને મોટી સંખ્યામાં કાર્યકરોએ ઉમટી પડયા હતા.

# ઝઘડિયા તાલુકામાં બીટીપીના વર્ષોના શાસન બાદ ભાજપની જીતની ખુશીમાં વિજય રેલી

## આઝાદી પછી પ્રથમ વખત ઝઘડિયા તાલુકામા ભાજપનો ભગવો લેહરાયો

ચક્રવાત ટીમ ઝઘડિયા, તા.૦૪

સ્થાનિક સ્વરાજની ચૂંટણીમાં ઝઘડિયા તાલુકા પંચાયતની ૨૨ માથી ૧૯ અને જિલ્લા પંચાયતની ૪ માથી ૩ બેઠકોમાં ભારતીય જનતા પાર્ટીના ઉમેદવારો જંગી બહુમતિથી વિજય હાસીલ કરી હતી. થોડા સમય પહેલા બી.ટી.પી પાર્ટી છોડીને ભાજપ સાથે જોડાયેલા તાલુકા પંચાયત માજી ઉપપ્રમુખ પ્રકાશ દેસાઈ એ પાણેથા તાલુકા પંચાયત બેઠક પર ભાજપ માથી પોતાની ઉમેદવારી નોંધાવી હતી અને જંગી બહુમતીથી વિજય થયા હતાં સાથે તાલુકા પંચાયતના માજી પ્રમુખ રીતેશભાઈ વસાવા એ પણ બામલ્લા બેઠક પરથી ભારતીય જનતા પાર્ટીમાંથી ઉમેદવારી નોંધાઈ હતી અને તેઓ એ પણ જંગી બહુમતીથી વિજય મેળવી હતી. તેમજ અન્ય સીટો પર પણ ભારતીય જનતા પાર્ટીના ઉમેદવારો વિજય બન્યા હતા.

આ જીતની ખુશીમાં રાયસિંગપુરા ખાતેથી પ્રકાશભાઈ દેસાઈની આગેવાની હેઠળ વિજય રેલીનું આયોજન કરવામાં



આવ્યું હતું, આ રેલી રાયસીંગ પુરાથી નીકળી તાલુકાના અલગ અલગ ગામોમાં જઈ જીત બદલ લોકોનો આભાર માન્યો હતો.

સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીનું પરિણામ જાહેર થયું ત્યારે તાલુકા પંચાયત ઝઘડિયા પણેથા સીટ ઉપર ભારતીય જનતા પાર્ટીના ઉમેદવાર પ્રકાશ ભાઈ દેસાઈ તેમજ રિતેશ વસાવા તથા મહેન્દ્ર વાઃસદીયા નો ભવ્ય વિજય થતાં તેમના ચાહકોમાં ઉત્સાહ જોવા મળ્યો હતો ભારતીય જનતા પાર્ટીના કાર્યકર્તાઓ તેમજ પ્રકાશ ભાઈ દેસાઈ ના પ્રશંસકોએ ઉત્સાહભેર મોટી સંખ્યામાં ઉમટી પડ્યા હતા અને ઢોલ-નગારા તેમજ ડી.જે ના તાલ સાથે તેમનું ભવ્ય સ્વાગત કર્યું હતું. આજૂબાજૂના ગામના લોકો મોટી સંખ્યામાં હર્ષોલ્લાશ સાથે ઉમટી પડ્યા હતા.

# ગુજરાતી ફિલ્મોમાં સબસીડી બાબતે ગેરરીતી થતી હોવાની શંકા વચ્ચે કાર્યવાહી કરવા સૂચના

ચક્રવાત ટીમ નડીયાદ, તા.૦૪

ગત વર્ષ ફેબ્રુઆરી/૨૦૨૦માં લેખક નિર્માતા મનોજ પટેલ દ્વારા માહિતી અને પ્રસારણ વિભાગના સંલગ્ન અધિકારીઓ સમક્ષ નવી આવેલી ''ગુજરાતી ફિલ્મ સબસિડી નીતિ ૨૦૧૯'' અન્વયે કેટલીક ૨૦૧૭ અને ૨૦૧૮ના વર્ષમાં રજૂ થયેલી ગુજરાતી ફિલ્મોને જૂની સબસિડી નીતિ ૨૦૧૬ હેઠળ આવવી જોઈએ તેને બદલે નવી નીતિ ૨૦૧૯ અન્વયે રૂપિયા ચૂકવી દીધેલ હોવાનું પ્રાથમિક ધોરણે ગુજરાતી ફિલ્મ સબસિડી નીતિ ૨૦૧૯ અને જૂની નીતિ ૨૦૧૬ ના કેટલાક પેરાક્રમાંકો માં દર્શાવેલ નિયમોને આધારે માલૂમ પડતાં ગુજરાતી ફિલ્મ સબસિડી નીતિની પારદર્શિતાને લગતી કેટલીક માહિતીઓ જેમકે ફિલ્મ સબસિડી એપ્લીકેશનની તારીખો, સબસિડીના ગ્રેડેશન માટેના ફિલ્મ સ્ક્રિનિંગના સ્થળો અને આયોજનની માહિતીઓ માહિતી અને પ્રસારણ વિભાગના સંલગ્ન અધિકારીઓ સમક્ષ એક RTI કરીને આ માહિતીઓ મંગાવેલ અને ત્યાર બાદ ગત માર્ચ/૨૦૨૦ માં RTI અધિનિયમ ૧૯(૧) હેઠળ પ્રથમ અપીલ સંલગ્ન માહિતી અધિકારી સમક્ષ કરવા છતાં અપીલની કોઈ સાંતીષ્કારક સુનાવણી થયેલ નહીં અને આ જાન્યુઆરી/૨૦૨૧ માં અંતે ગુજરાત જાહેર માહિતી આયોગ સમક્ષ RTI અધિનિયમ ૧૯(૩) હેઠળ દ્વિતીય અપીલ કરેલ જેના અનુસંધાને વિવાદી તરીકે મનોજ પટેલ ને હાલ માં ગુજરાત જાહેર માહિતી આયોગના સંલગ્ન અધિકારીશ્રી દ્વારા મળેલ પત્ર અનુસાર ''માહિતી અધિકાર અધિનિયમ ૧૯(૬) હેઠળ નિયત સમય મર્યાદામાં માગેલ માહિતી પર યોગ્ય નિર્ણય કરવો જરૂરી હોવાનું નોધીને પ્રથમ અપીલથી લેખક નિર્માતા મનોજ પટેલ દ્વારા માગેલ માહિતીઓ પર આગામી ત્રીસ દિવસમાં વિવાદીને સાંભળવાની તક આપી માગેલ માહિતી પર જરૂરી કાર્યવાહી પૂરી કરવા સૂચના/આદેશ'' આપેલ છે. અત્રે એ નોધનીય છે કે આ બધીજ માગેલ માહિતીઓ પહેલાની જૂની ફિલ્મ સબસિડી નીતિ-૨૦૧૬ના પેમેન્ટ સર્ક્યુલરોમાં આસાનીથી જાહેર પારદર્શી રીતે જનતા માટે ઉપલબ્ધ હતી તે ખબર નહીં કેમ પણ અચાનકથી આ બધીજ માહિતીઓ નવી આવેલી ગુજરાતી ફિલ્મ સબસિડી નીતિ-૨૦૧૯ના પેમેન્ટ સર્ક્યુલરોમાંથી બતાવવાની બંધ કરી દેવાઈ જેના આધારે કોઈને ખબરજના પડી શકે કે ગુજરાતી ફિલ્મ સબસિડી નીતિ અન્વયે જેતે ફિલ્મોને અપાયેલી સબસીડીઓ જૂની નીતિ હેઠળ આવે છે કે નવી નીતિ હેઠળ? આ સમગ્ર મુદ્દા અન્વયે મનોજ પટેલ દ્વારા માનનીય મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીને લખાયેલ ''સામાન્ય પત્ર'' અનુસંધાને CMO અને સામાન્ય વહીવટ વિભાગે પણ લેખક નિર્માતા મનોજ પટેલ દ્વારા નવી આવેલી ગુજરાતી ફિલ્મ સબસિડી નીતિ-૨૦૧૯ અન્વયે ''અન્ય એક સામાન્ય પત્ર'' થી કરેલ રજુઆતો પર પણ માહિતી પ્રસારણ વિભાગના સંલગ્ન અધિકારીઓને જરૂરી કાર્યવાહી કરવા સૂચના અપાઈ છે.

# દેગમડામાં ગૌ મુવાડના ગ્રામજનો દ્વારા ૫૦૧ ફૂટની ધ્વજા ચડાવાઈ



ચક્રવાત ટીમ મહીસાગર, તા.૦૪

મહીસાગર તીર્થધામ દેગમડા ખાતે ગૌ મુવાડી (પાડરવાડા)ના ગ્રામજનો દ્વારા ખાનપુર તાલુકાના ગામના યુવાનો દ્વારા ૫૦૧ ફુટની ધજા ચડાવવામા આવી. ગ્રામજનો પગપાળા પ્રવાસ સાથે મંદીરે પહોંચ્યા હતા સંત અરવિંદગીરી મહારાજ ધજાને પૂજન કરી લહેરાવામા આવી હતી.

# પોરબંદર જિલ્લામાં ગુજરાત રાજ્ય યુવા બોર્ડ દ્વારા મહાપુરૂષોની પ્રતિમાની સફાઈ

ચક્રવાત ટીમ પોરબંદર, તા.૦૪



સ્વામી વિવેકાનંદ ગુજરાત રાજ્ય યુવા બોર્ડ પોરબંદર દ્વારા પોરબંદર, રાણાવાવ તથા કુતિયાણા ખાતે મહાપુરુષોની પ્રતિમાઓની સાફ સફાઈ કરી પ્રતિમાને ફૂલહાર પહેરાવવામા આવ્યા હતા. જેમા પોરબંદર ખાતે મહાત્મા ગાંધીજી, સરદાર પટેલ મહાપુરુષની પ્રતિમાની સફાઈ કરી ફૂલહાર પહેરાવવામા આવ્યા હતા. કાર્યક્રમમા પોરબંદર જીલ્લા સંયોજક મહેશભાઈ ગઢવી, રમત ગમત અધિકારી રસીકભાઈ મકવાણા, નગર સંયોજક હિતેશભાઈ દાસાણી, રાહુલભાઈ રાજાણી નગર સહ સંયોજક વિજયભાઈ કિશોર ઉપસ્થિત રહ્યા હતા. આ ઉપરાંત રાણાવાવમાં ખાતે પણ મહાપુરુષોની પ્રતિમાની સફાઈ અને ફૂલહારનો કાર્યક્રમ યોજાયો હતો. જેમાં રાણાવાવ તાલુકા સંયોજક યોગેશભાઈ બાપોદરા, રાણાવાવ નગર સંયોજક કપિલભાઈ રામદત્તી. તથા બાબુભાઈ ચૌહાણ, બિપીનભાઈ કરથિયા કારાભાઈ મોઢવાડીયા, તેમજ નવયુવાનો જોડાયા હતા. તથા કુતિયાણા ખાતે ભારતમાતા મંદિરમાં ભારત માતાની પ્રતિમા તથા સ્વામી વિવેકાનંદની પ્રતિમાની સફાઈનો કાર્યક્રમ યોજાયો હતો. જેમાં કુતિયાણાના તાલુકા સંયોજક ગોવિંદભાઈ બારીયા, ચેતનભાઈ લીલા તથા નગર સંયોજક કપિલ મહેતા જોડાયા હતા.

# પોરબંદરના ૨૫૦૦થી વધુ હેલ્થકેર વર્કર્સ તથા ૫૦૦થી વધુ ફ્રન્ટલાઈન વર્કર્સને કોરોના રસીનો બીજો ડોઝ

## જિલ્લામા ૬૦ વર્ષથી ઉપરના ૨૯૦૦ થી વધુ લાભાર્થીઓએ લીધી કોરોનાની રસી

ચક્રવાત ટીમ પોરબંદર, તા.૦૪

પોરબંદર જિલ્લામાં તા. ૧ માર્ચથી શરૂ થયેલાં કોરોનાની રસીકરણનો બીજો ડોઝ અભિયાનમા ૨૫૦૦ થી વધુ હેલ્થકેર વર્કર્સ તથા ૫૦૦થી વધુ ફ્રન્ટલાઈન વર્કર્સને બીજો ડોઝ આપવામાં આવ્યો હતો. પ્રથમ ડોઝ લીધેલા આ તમામ કર્મચારીઓએ એક મહિના બાદ કોરોનાની રસીનો બીજો ડોઝ લીધો હતો. તથા ૬૦ વર્ષથી ઉપરના ૨૯૦૦ થી વધુ લાભાર્થીઓ તથા ૪૫ થી ૫૯ વર્ષના ગંભીર બીમારી ધરાવતા ૩૫૦થી વધુ લાભાર્થીઓએ કોરોનાની પ્રથમ રસી મુકાવીને અન્યને રસી મુકાવવા અપીલ કરી હતી.

પોરબંદર જિલ્લામાં હેલ્થ કેર વર્કર્સ તથા ફ્રન્ટલાઈન વર્કર્સે કોરોનાની રસીનો પ્રથમ ડોઝ મુકાવ્યાને એક મહીના બાદ પહેલી માર્ચથી બીજો ડોઝ મુકવવાની શરૂઆત થતાં જ જિલ્લામા પ્રથમ ડોઝ લીધેલા કર્મીઓએ



કોરોનાની રસીનો બીજો ડોઝ મુકાવ્યો હતો. આ ઉપરાંત સરકારશ્રીની સુચના મુજબ ૬૦ વર્ષથી ઉપરના લાભાર્થીઓને પોરબંદર જિલ્લાના પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો, સામૂહિક આરોગ્ય કેન્દ્રો, સરકારી હોસ્પિટલ તથા ખાનગી હોસ્પિટલમાં કોરોનાની રસી આપવામાં આવી રહી છે. આ ઉપરાંત ૪૫થી ૫૯ વર્ષના ગંભીર બીમારી ધરાવતા લાભાર્થીઓને પણ કોરોનાની રસીનો પ્રથમ ડોઝ આપવામાં આવી રહ્યો છે.

# ગુજરાત સ્થાનિક સ્વરાજની ચૂંટણી બાદ ધારાસભ્ય મહેશ વસાવાનો જાહેર જનતા જોગ સંદેશ

ચક્રવાત ટીમ ઝઘડીયા, તા.૦૪

બીટીપીના રાષ્ટ્રીય અધ્યક્ષ મહેશ વસાવાએ જણાવ્યું હતું કે ગુજરાતમાં સ્થાનિક સ્વરાજની ચૂંટણીઓ નગરપાલિકા, મહાનગરપાલિકા, તાલુકા પંચાયત, જિલ્લા પંચાયત ૨૦૨૧ની ચૂટણીમાં ગુજરાતની જનતાએ ભારતીય ટ્રાઈબલ પાર્ટીને જે ચુકાદો આપ્યો છે એ ચુકાદો અમે સ્વીકારીએ છીએ. પ્રજાનો જે ચુકાદો હોય છે એ સર્વોપરી હોય છે. વધુમાં તેમણે જણાવ્યું કે ખાસ કરીને ભારત લોકશાહી દેશ છે અને આ લોકશાહી દેશની અંદર જ્યારે એક તરફી રીતે જે સત્તામાં બેસેલી ભારતીય જનતા પાર્ટી જેને આખા ગુજરાતની કુલ ૩૧ જિલ્લા પંચાયતની અંદર ભાજપનો ભગવો લહેરાવાની વાત કરી છે



જેમા કંઈ ને કંઈ પ્રજાના પ્રશ્નો હતા. મોંઘવારીના પ્રશ્નો, ડીઝલ, પેટ્રોલના ભાવ, ગેસ સિલિન્ડર જ્યારે ૯૦૦ની ઉપર કીમત હોય અને આ મોંઘવારીમાં નરેન્દ્ર મોદીએ જે સબસિડી આપવાની વાત કરેલ તેમજ કરોડ લોકોને ગેસના કનેક્શન આપી જે આદિવાસીઓને કેરોસીન મળતું હતું એ ખતમ કર્યું. જી.એસ.ટી.નાં પ્રશ્નો, લોકડાઉનનાં પ્રશ્નો, ખેડૂત આંદોલનના પ્રશ્નો, નોટબંધીનાં પ્રશ્નો પછી પણ બીજેપી ને આટલી જીત મળતી હોઈ તે બાબતે કઈ ને કઈ પ્રજામા પણ શંકા છે. ભારતીય ટ્રાયબલ પાર્ટીના રાષ્ટ્રીય અધ્યક્ષ તરીકે અમને લોકશાહી પ્રમાણે અમને જે મેસેજ મળવા જોઈએ જે મળેલ નથી જેથી અમને શંકા છે ઈવીએમ મશીનોથી આ સરકારો જીતે છે. લોકસભા, વિધાનસભા, સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી હોઈ એ તમામ ઈલેકશનોમાં બેલેટ પેપરથીજ વોટીગ થવું જોઈએ એવી અમારી માંગ છે અને તેનાં માટે અમે આંદોલન પણ કરીશું. અમારાં જે પ્રશ્નો છે સીડ્યુલ-૫, કોરિડોર, સ્ટેચ્યુ ઓફ યુનિટી, આ વિસ્તારના લોકોની વિસ્થાપિત કરવાનું હોય કે જળ, જંગલ, જમીન લૂંટવાની વાત કરે છે. છોટુભાઈ વસાવા વર્ષોથી ઝઝૂમે છે અને અમે ઝઝૂમતા રહેશું.

# પોરબંદર ખાતે દરિયાકાંઠાની સુરક્ષા અંગે વર્કશોપ યોજાશે

ચક્રવાત ટીમ પોરબંદર, તા.૦૪

માછીમારો જ્યારે માછલીઓ પકડવા માટે દરિયામા જાય ત્યારે તેમણે શું કરવું અને શું ના કરવું તે વિશે સમજણ પુરી પાડવા તેમજ સુરક્ષા એજન્સીઓ સાથે માછીમારો સંવાદ કરી શકે તે માટે તેમને એક પ્લેટફોર્મ આપવા અને રાજ્યના દરિયાકાંઠાની સુરક્ષાને વધુ વેગ આપવા માટે ૯ માર્ચના રોજ INS સરદાર પટેલ પોરબંદર ખાતે ભારતીય નૌસેના દ્વારા દરિયાકાંઠાની સુરક્ષા વર્કશોપનું આયોજન કરાયુ છે. આ વર્કશોપમા દરિયાકાંઠાની સુરક્ષા સાથે સંકળાયેલા તમામ મુખ્ય હિતધારકો એટલે કે, ભારતીય નૌસેના, તટરક્ષક દળ, સમુદ્રી પોલીસ અને કસ્ટમ્સ તેમજ આ કાર્યક્રમ માટે પ્રાથમિકરૂપે લક્ષિત પ્રેક્ષકો એવા સ્થાનિક માછીમારો જોડાશે. આ વર્કશોપમા ગુજરાત દરિયાકાંઠા પ્રદેશની સુરક્ષા જાળવવા માટે તમામ એજન્સીઓ દ્વારા અમલમાં મુકવામાં આવેલા વિવિધ પગલાં દર્શાવવામાં આવશે. આ કાર્યક્રમ દરમિયાન વાર્તાલાપ પણ કરવામાં આવશે, જેથી સ્થાનિક માછીમારોને સમયસર માહિતી આપવામાં/પ્રાપ્ત થવામાં સુરક્ષા એજન્સીઓ સાથે સહયોગ કરવામાં જે સમસ્યાઓ પડતી હોય તેની પણ ચર્ચા કરાશે. ઉપરાંત ભારતીય નૌસેનાની ફાસ્ટ ઈન્ટરસેપ્ટર ક્રાફ્ટ તેમજ દરિયાકાંઠાની સુરક્ષા સુનિશ્ચિત કરવા માટે ઉપયોગમાં લેવામાં આવતા શસ્ત્રોથી પણ માછીમારોને પરિચિત કરવામાં આવશે.

# સોનેલા ગામની માઈનોર કેનાલમાં ગાબડું પડતા ખેતરોમાં પાણી ભરાયા



ચક્રવાત ટીમ લુણાવાડા, તા.૦૪

લુણાવાડા તાલુકાના નાના સોનેલા ગામ પાસેથી પસાર થતી કડાણા ડાબા કાંઠા માઈનોર કેનાલમાં મસમોટું મોટું ગાબડું પડતા ત્યાંના આસપાસના ખેતરોમાં ઢીંચણ બરાબર પાણી ભરાતાં ઉભા પાકને વધારે નુકસાન થયું હતું છાશવારે અને છાશવારે આ કડાણા ડાબા કાંઠા માઈનોર કેનાલમાં ગાબડા પડતા ખેડૂતોના મોંમા આવલો કોળીયો છીનવાતો હોય તેમ દેખાય છે ખેડૂતો દ્વારા આ બાબતે તંત્રને જાણ કરી હોવા છતાં આ લખાય છે ત્યાં સુધી કોઈ અધિકારીએ સ્થળની મુલાકાત લેતા નથી તેમજ ખેડૂતોએ વાવણી કરેલ મગ ચણા તેમજ મગફળી જેવા ઉભા પાકમાં પાણી ફરી વળતા પાક નાશ થવા આવ્યો છે ગત ફેબ્રુઆરી માસમાં આજ માઈનર કેનાલ ઉપર ગાબડું પડ્યું હતું ત્યાર પછી આજે થોડા દિવસોમાં આ ગાબડું પડતાં ફરીથી જવાબદાર તંત્રની રેઢિયાળ કામગીરી સામે લોકોએ રોષ ઠાલવ્યો હતો સિંચાઈ તંત્ર દ્વારા નુકસાનીનો સર્વે કરી વહેલી તકે વળતર ચુકવવા માંગ ઉઠી રહી છે.

# પોરબંદર નહેરૂ યુવા કેન્દ્ર દ્વારા રાષ્ટ્રીય જળ મીશન અંતર્ગત વેબીનાર યોજાયો

ચક્રવાત ટીમ પોરબંદર, તા.૦૪



કેન્દ્રીય જળ શક્તિ મંત્રાલય દ્વારા રાષ્ટ્રીય જળ મીશન અંતર્ગત નહેરુ યુવા સંગઠનના સહયોગથી ''કેચ ધ રેન'' જાગરૂકતા અભિયાન શરૂ કરાયુ છે. જેનો મુખ્ય ઉદેશ્ય વરસાદના પાણીનો વધુને વધુ સંગ્રહ થાય તે હેતુથી ગ્રમીણ વિસ્તારોમા યુવા સંગઠનો દ્વારા લોકોને જાગૃત કરવાનો છે. પોરંદર જિલ્લામા આ અભિયાન અંતર્ગત લોક જાગૃતિ કેળવવા જિલ્લા કલેકટર અને જિલ્લા વિકાસ અધિકારી દ્વારા પોસ્ટર ઉદધનાટન કરી પોરંદર જિલ્લામા વરસાદના પાણીનો વધુને વધુ સંગ્રહ થાય તેવી આશા વ્યક્ત કરી હતી. વરસાદના પાણીના સંગ્રહ માટે યુવા સંગઠનો દ્વારા ભીત ચિત્રો બનાવવાની સાથે પાણીનો બગાડ ન કરવા તથા પાણીના સંગ્રહ માટે લોકો જલ શપથ લે છે. આ ઉપરાંત લોક જાગૃતિ અર્થે ખાસ કરીને યુવા વર્ગમા જાગૃતતા લાવવા નહેરુ યુવા કેન્દ્ર દ્વારા પાણીના સંગ્રહ માટે વેબીનાર યોજવામા આવ્યો હતો. જેમા પોરબંદર સિચાઈ વિભાગના મદદનીશ એન્જીનીયર મીતાષાબેન ઓડેદરા તથા સંતોકબેન ખુટીએ વરસાદના પાણીના સંગ્રહ અંગે માર્ગદર્શન પુરુ પાડયુ હતુ. વેબીનારનુ સંચાલન જિલ્લા યુવા સંયોજક મેઘાબેન સનવાલે કર્યુ હતુ.

# ઘોઘા તાલુકાના સજણોદર ગામે ક્રાંતિકારી ભીમ સૈનિકની હત્યા મામલે જૂનાગઢ બહુજન પાર્ટી દ્વારા આવેદન

ચક્રવાત ટીમ જૂનાગઢ, તા.૦૪



તાજેતરમાં ભાવનગર જિલ્લાના ઘોઘા તાલુકાના સજણોદર ગામના એક સામાજિક કાર્યકર અને ક્રાંતિકારી ભીમ સૈનિક અમરાભાઈ બોરીચાનું કરપીણ રીતે તેમના ઘર માં ઘુસી અસામાજિક તત્વો દ્વારા હત્યા કરવામાં આવી હતી.અમરાભાઈ બોરીચા દ્વારા ત્યાંના પોલીસ પ્રસાશન પાસે પોલીસ પ્રોટકશ ન આપતા તેમની હત્યા થઈ હતી.જેને બાબતે બહુજન સમાજ દ્વારા ફરિયાદ કરવા છતાં અને બનાવની ગંભીરતાને ધ્યાને લીધા વિના જ ફક્ત પી. એસ.આઈ. ને સસ્પેન્ડ કરવામાં આવ્યા છે. આ કારણે બહુજન સમાજની માંગણી છે કે બીજા આરોપીઓની પણ વહેલી તકે ધરપકડ કરવામાં આવે. બહુજન સમાજમાં વધતા ત્યારે અન્ય ધ્યાને લેતા ભારતભરમાં બહુજન અત્યાચારમાં ગુજરાત બીજા ક્રમે છે અને આવા સંજોગોમાં જે તે પરિવાર પર અન્યાય અત્યાચાર થયો હોય તે અન્યાય અત્યાચાર ગુજરાત સરકાર દ્વારા આવા અત્યાચારો રોકવા બાબતે જૂનાગઢના ભીમ સૈનિકો અને બહુજન સમાજ પાર્ટીના શહેર પ્રમુખ વિકી સોલંકી, કમલેશ જાદવ, અને સાગર મકવાણા, પંકજ બોરીચા, ભરત મારવાડી અને જૂનાગઢ દલિત સમાજ દ્વારા આજે જૂનાગઢ કલેકટરને આવેદન આપવામાં આવ્યું હતું.

તંત્રીસ્થાનેથી......

# ભાજપને ગુજરાતના શહેરી વિસ્તારોમાં કેમ હરાવી શકાતો નથી?

મંગળવારે જાહેર થયેલાં ચૂંટણીપરિણામમાં ગુજરાતની તમામ છ મ્યુનિસિપલ કોર્પોરેશનમાં ભગવો લહેરાયો છે. છેલ્લા લગભગ બે દાયકાનાં ચૂંટણીપ રિણામોનાં વલણો જોવામાં આવે તો શહેરી વિસ્તારમાં ભાજપને હરાવવો વિપક્ષ માટે મુશ્કેલ સાબિત થયું છે ૨૦૧૭માં શહેરીવિસ્તારમાં મળેલી બેઠકોને કારણે જ ભાજપ પોતાની સત્તા ટકાવવામાં સફળ રહ્યો હતો. સ્થાપના સમયે ભાજપની ઓળખ 'વાણિયા-બ્રાહ્મણના શહેરીપક્ષ' તરીકેની હતી. ૨૦૧૪ અને ૨૦૧૯ની લોકસભા ચૂંટણીનાં પરિણામોએ આથી વિપરીત પરિણામ આપ્યાં હોવા છતાં આ તમગો હજુ તેની સાથે જોડાયેલો રહેવા પામ્યો છે. પરંપરાગત રીતે ગુજરાતમાં બે પક્ષની ટક્કર રહી છે. છેલ્લા લગભગ અઢી દાયકાથી ગુજરાતમાં ભાજપ અને કોંગ્રેસ વચ્ચે સીધી ટક્કર રહેવા પામી છે. ગુજરાત કોંગ્રેસમાં નેતૃત્વનું સંકટ છે. પ ાર્ટીના વર્તમાન નેતાઓ કોઈને કોઈ દિગ્ગજ નેતાનાં સંતાનો છે. જેમની કોઈ નક્કર આંદોલનની પૃષ્ઠભૂમિ નથી. રાજ્યમાં છેલ્લાં અનેક વર્ષોથી કોંગ્રેસ વિપક્ષમાં છે, જેથી તેના કાર્યકર્તા નિરાશ છે. તેની પાસે ચૂંટણીભંડોળ નથી. બીજી બાજુ, ભાજપ પાસે પુષ્કળ નાણાં છે. આ સિવાય દલિતો અને લઘુમતી સમુદાયના લોકો પણ કોંગ્રેસનો વિકલ્પ શોધવા માંડ્યા છે. જેના કારણે નવાં રાજકીય સમીકરણ રચાઈ રહ્યાં છે. અમદાવાદમાં મુસ્લિમ બહુમતીવાળા જમાલપુર વોર્ડમાં ઑલ ઇન્ડિયા મજલિસ-એ-ઇત્તેહાદુલ મુસલમીનના તમામ ચાર ઉમેદવારનો વિજય થયો. મક્તમપ ુરા વોર્ડમાં પાર્ટીને ત્રણ બેઠક મળી છે. સુરતમાં ૧૨૦ બેઠકમાંથી ૨૭ બેઠક જીતીને આમ આદમી પાર્ટી મુખ્ય વિપક્ષી પાર્ટી બની છે. ભાજપના 'પેજ પ્રમુખ' મૉડલની ગમે તેટલી ટીકા થાય તો પણ પાર્ટી પાસે જેટલી સંખ્યામાં કાર્યકર તથા જેટલું મજબૂત માળખું છે, તેટલું કોંગ્રેસ કે અન્ય પક્ષ પાસે નથી. જેનો લાભ ચૂંટણી સમયે પાર્ટીને મળે છે. નેતૃત્વના અભાવ અને આંતરિક કલહ કોંગ્રેસને નબળી પાડે છે. જેનો સીધો ફાયદો ભાજપને થાય છે. ગુજરાત ભાજપે ત્રણ-ટર્મથી વધુ વખત ચૂંટાતા ઉમેદવારને રિપીટ નહીં કરવાનો અને ૬૦ વર્ષથી વધુ વર્ષના નેતાઓને ચૂંટણીજંગમાં નહીં ઉતારવાનો નિર્ણય લીધો. સંગઠનશક્તિને કારણે જ તેનો અમલ શક્ય બન્યો અને નારાજગીની કોઈ વિપરીત અસર ચૂંટણીપરિણામો ઉપર ન થઈ. બાંગ્લાદેશ-ભૂતાન અને પાકિસ્તાન જેવા પાડોશી દેશોમાં પેટ્રોલ પ ચાસ રૂપિયે લિટર મળતું હોય અને અહીં ૧૦૦ રૂપિયે વેચાઈ રહ્યું હોય, છતાં આ પરિણામ આવ્યાં છે. ત્યારે એક વાત સ્પષ્ટ છે કે અમે જનતા સુધી સંદેશ પ હોંચાડવામાં નિષ્ફળ રહ્યા છીએ. ભાજપ દ્વારા દરેક વિસ્તારમાં 'પેજ પ્રમુખ'ની નિમણૂક કરવામાં આવે છે. ચૂંટણી સમયે તેનું કામ મતદારયાદીના પૃષ્ઠ પર રહેલાં નામો સુધી સરકારની વિચારધારાને પહોંચાડવાનું તથા ભાજપની તરફેણમાં મતદાન કરવા માટે પ્રોત્સાહિત કરવાનું હોય છે. ભાજપનો દાવો છે કે ૧૧ કરોડ સભ્યો સાથે તે વિશ્વનો સૌથી મોટો રાજકીય પક્ષ છે. જોકે, તેમાંથી સક્રિય સભ્ય કેટલા તથા સભ્યસંખ્યાનું તટસ્થ મૂલ્યાંકન વાદનો વિષય રહ્યા છે. ભાજપ તેની સ્થાપના સમયથી જ શહેરી વિસ્તારોમાં મજબૂત છે. ગુજરાતમાં ૧૯૯૦ બાદ મતદાન કરનાર અથવા જન્મેલી વ્યક્તિએ માત્ર ભાજપને જોયો છે.



યાકુબ બાદી
તંત્રી

## ૨૧મી સદીના વિકસીત ચિતારને પ્રસ્તુત કરતી અદ્‌ભૂત ફ્યૂચર ફિક્શન નવલકથા.....

### 'Krossing ગર્લ'

ધ જર્ની ઓફ ક્રિએટીવ હાર્ટિસ્ટ

રવિ વિરપરીયા

### પ્રકરણ ૮૧

મેળામાં મળેલી બંને સરપ્રાઈઝ પછી નોમના દિવસે આરામ ફરમાવ્યો. એક દિવસ હું કશું કામ કર્યા વગર એમ જ પ ડી રહ્યો. ક્યારેક આળસુ બનવાની પણ અનેરી મજા છે એવું ફીલ થયું. સાગર હજુ અઠવાડિયા પછી આવવાનો હતો.

એ પહેલાં મેં પુનાભાઈને મળવા જવાનું વિચાર્યું. પણ ખબર નહીં દિલ ના પાડતું હતું. એને મળવા માટે આ સાચો સમય નથી. મે બે વાર તૈયાર થઈને માંડી વાળ્યું. અંદરથી કશુંક અટકાવતું હતું. હવે મેં અંદરથી જે'દી ઉગશે તે'દી મળવા જવાનું નક્કી કર્યું. હજુ મને ઈન્ટરવ્યૂ લેવા માટે પરફેક્ટ વ્યક્તી મળી નહોતી. મેં પ્રો. પવન દેસાઈ, ડો. ઓમપ્રકાશ શાહ કે કાકામા એ શક્યતાઓ તપાસી હતી. એ બધા મારે જોઈએ એ મુજબના પરફેક્ટ વ્યક્તિઓ નહોતાં.

બન્ને મેળાના ફોટોગ્રાફ જોયા. અમુક ફોટા અફલાતૂન હતાં. એના વીડિયો એડિટ કર્યા. નોટ્સનું પ્રેઝન્ટેનશન રેડી કર્યું. સાગરે મને 'છોકરીના છપ્પા' બહારનું એક બ્રહ્મહજ્ઞાન બહુ સારી રીતે શીખવ્યું હતું. વર્તમાનમાં થઈ શકે એ કામને ક્યારેય ભવિષ્ય પર છોડવાની મૂર્ખામી ના કરવી.

ત્રણ દિવસ સુધી અમે સ્કૂલમાં નિયમ મુજબ ટાસ્ક વિશે ચર્ચા કરવાની રહેવા દીધી. ચોથે દિવસે હેપ્પીથી રહેવાયું નહીં. "મેમ, અત્યાર સુધીના ટોટલ ટાસ્ક પ ાર્ટનર જોડે કે ગ્રુપમાં કર્યા. આ એક જ ટાસ્ક ઈંડિવિઝ્યુઅલ કરવાનો ? આ ખોટું કહેવાય. તમારે એટલીસ્ટ અમને પ ાર્ટનર કે ગ્રુપ જોડે ડિસ્કશન કરવાની પ રમિશન આપવી જોઈએ ?"

"તમને આ ડિસ્કશન કરવાની કોણે ના પાડી છે ?" વાઈના મેમે પૂછ્યું.

આખો કલાસ એકબીજા સામે ફાટી આંખે જોઈ રહ્યો. ક્લાસમાંથી બીજો એક છોકરો ઉભો થઈને બોલ્યો. "મેમ જ્યારે ટાસ્ક આપવામાં આવ્યો ત્યારે રુલ્સમાં લખેલું હતું. એન્ડ દરેક ટાસ્કમાં અમે સૂચના રુલ્સ ફોલો કરીએ છીએ."

"મેં તમને ફક્ત એટલું કહેલું કે આ ટાસ્ક માટે આટલા રુલ્સ છે. ટાસ્કમાં આ રુલ્સ ફોલો કરવા ફરજીયાત છે અને ફોલો નહીં કરે એને સજા મળશે .એવું ક્યાંય લખેલું છે ?" વાઈના મેમ બોલ્યા.

"કોઈ ના જોતું હોય ત્યારે તમે કેવું વર્તન કરો છો એના પરથી તમારું કેરેક્ટર નક્કી થાય. 'ફ્યુચર લેબ' અમને દરેક ટાસ્કમાં પૂરતી ફ્રીડમ આપે છે. માન્યું સ્કૂલ ચેક નહીં કરે એટલે રુલ્સ થોડા તોડવાના હોય ! ગ્રુપ કે પાટર્નર ટાસ્કની આદત પડી ગઈ હોય આ ટાસ્ક થોડો અઘરો લાગે છે." રાહુલે કહ્યું.

"સરસ...પણ કેરેક્ટર વાળી વાત લાઈફમાં લાગુ પડે સ્કૂલના ટાસ્કમાં નહીં. વિચારો કે...રસ્તામાં કોઈ એક્સિડન્ટ થયું છે. એમાં ઘાયલ થનાર વ્યકતીને તાત્કાલિક હોસ્પિટલે પહોંચાડવો પ ડે એમ છે. રોડની સ્પીડ લિમિટ ૬૦ કે ૮૦ સુધી છે. તો શું એનાથી વધુ ગાડી ચલાવવી નહીં ? રુલ્સ અગત્યના કે લાઈફ ?" વાઈના મેમ આજે મસ્તીના મૂડમાં હોય એવું લાગતું હતું.

"મેમ એ તો ઈમરજન્સી કેસની વાત થઈ ? રોડ પરના તમામ વાહનો એવું કરવા લાગે તો ટ્રાફીક કંટ્રોલ કેમ કરવો ?" એક છોકરો જ વા બ દેતાં બોલ્યો.

"એક્ઝેટલી....હું એ જ કહેવા માગું છું. માનવીના મગજની થોટ કે રિએક્શન પ્રોસેસ પણ થોડા રુલ્સ ફોલો કરે છે. શાક સુધારવાનું ચાકુ હાથમાં હોય એટલે તમે ગમે તેને એ ચાકુ નથી મારી દેતાં. રજા પુરી થયાના ત્રીજા દિવસે ક્લાસમાંથી કોઈએ નહીંને હેપ્પીએ જ કેમ સવાલ કર્યો ... ? આ પ્રોસેસ રોડ ટ્રીપની રીતે સમજાવું.

તમે આ ટાસ્ક ગાડીમાં લઈને જઈ રહ્યા છો. તમે ટ્રાફિકની જેમ ટાસ્કના રુલ્સ ફોલો કરો છો. તમારી ગાડીમાં પંચર પડ્યું.. સામેની સાઈડમાં ગેરેજ છે. મોબાઈલમાં નાવિકના મેપમાં જોવો છો તો રુલ્સ મુજબ ટર્ન લઈ રાઈટ સાઈડમાં જવા માટેનું ડિવાઈડર ૪ કિલોમીટર આગળ છે. જ્યારે પાછળથી તમે માંડ અડધો કિલોમીટર દૂર જઈ ગેરેજ સુધી પહોંચી શકો છો પણ રોંગ સાઈડમાં જઈને....?

તમે રોંગ સાઈડમાં જશો...અફકોર્સ જવાના જ.. એ સમયે તમે એવું વિચારશો કે...ક્યાં એટલો ટ્રાફિક છે ? અહીં મને જોવાવાળું કોણ છે ? ઍક્સિડન્ટનું પણ જોખમ નથી ? મિન્સ, સમસ્યા નાની હોય .... અન્ય લોકોને સલામતી કે બીજા કોઈ પ્રોબ્લેમ ના થાય એમ હોય તો તમને રુલ્સ તોડવામાં કોઈ વાંધો નથી ? તમે જ્યારે પ્રોબ્લેમ મોટો હોય ત્યારે એથીક્સ કે રુલ્સ કશું યાદ નથી આવતું ? એમ આઈ રાઈટ ?" વાઈના મેમે કહ્યું.

"મેમ...આટલું લાબું કોણ સ મ જા વ` આજે....? પ્લીઝ શોર્ટમાં કહો ને રુલ્સ તોડી શકાય કે નહીં ? ટાસ્કને લીધે ઓલરેડી વાટ લાગેલી પડી છે ઉપરથી તમે...આ ઈનોસન્ટ ચાઈલ્ડ પર કંઈક તો દયા કરો." હેપ્પીને લાબું સાંભળવાની કે સમજવાની આદત નહોતી. એ આજની જનરેશનની જેમ શોર્ટ ટેમ્પરામેન્ટ હતી. હેપ્પીની વાત સાંભળી આખા કલાસ સાથે વાઈના મેમ પણ હસી પડ્યા.

"શોર્ટએન્ડ સ્વીટમાં પણ સમજાવું છું ડિયર. રુલ્સ આપણે ઉભી કરેલી વ્યવસ્થા જાળવવા માટે હોય છે. આપણી લાઈફની દિશા નક્કી કરવા માટે નહીં. અફકોર્સ, રુલ્સ તોડી શકાય. પણ એ તોડવાના તમારી પાસે સ્ટ્રોંગ રિઝન હોવા જોઈએ. ફક્ત શોખ, ઈગો હર્ટ થાય કે ધરાર વિરોધ કરવા માટે તોડો એ ક્રાઈમ કહેવાય. ક્રાઈમની ચોક્કસ સજા ચોક્કસ મળવાની.

એ રીતે તમે ટાસ્કમાં રુલ્સ તોડી શકો પરંતુ એના કારણો હોવા જોઈએ. મને નથી લાગતું ક્લાસના તમારા જેવા સ્માર્ટ, ઈન્ટેલિજન્ટ એન્ડ ઈનોસન્ટ સ્ટુડન્ટ્સ માટે કોઈ વેલીડ રિઝન હોય. એ પણ આટલાં સહેલા ટાસ્ક માટે..!" વાઈના મેમે વાત પુરી કરતાં કહ્યું.

"મેમ, પ્રોબ્લેમ ટાસ્કમાં નથી પરંતુ સિલેક્શનમાં છે. શું સિલેક્ટ કરવું ? શું ના કરવું ?" હેપ્પી ગમે એમ રુલ્સ તોડવા માંગતી હોય એવું લાગતું હતું.

" સ્ત્રી એ કન્ફ્યુઝનની કઝીન સિસ્ટર છે` . પ્રેક્ટિકલી વિચારો જવાબ મળી જશે. આપણે શરૂઆતમાં 'કેટલીક પ રિસ્થિતિમાં મુંઝવણ ઉભી થાય ત્યારે શું કરવું ? એ વિશે એક સેશન કરેલું. એ સેશનમાં જોઈ લેજો. જવાબ ચોક્કસ મળી જશે. ના મળે તો તમે રુલ્સ તોડી શકો છો. પણ ફરીથી રિપીટ કરું છું. મજબૂતકારણ વગર રુલ્સ તોડવો એ ક્રાઈમ છે. અને ક્રાઈમની સજા અવશ્ય મળવાની" વાઈના મેમ બોલ્યા.

હેપ્પી માટે હવે પૂછવા માટે સવાલો કે રુલ્સ તોડવા માટેના બહાનાઓનો સ્ટોક ખૂટી ગયો હતો. એ શાંત થઈ ગઈ.

"મીરું તે કેમ કોઈ સવાલ ના પૂછ્યો ?" મેં નવાઈથી પૂછ્યું.

"આટલાં ઈઝી ટાસ્ક માટે ક્યાં કોઈ સવાલની પૂછવાની જરૂર હતી ? બટ એક સવાલ જરૂર પૂછી શકાય એમ હતો ?" મીરાએ કહ્યું.

હેપ્પીએ આશાભરી નજરે મીરા સામે જોયું. " જલ્દી બોલને યાર , શું સવાલ પ ૂછી શકાય એમ છે ?"

મીરાએ મસ્તીમાં થોડી આડી અવળી વાતો કરી હેપ્પીની બેચેની વધારી. "પ્લીઝ મીરા બોલને...તું મારી બેસ્ટી છે. મને આમ હેરાન ના કર. હમણાં પીરિયડ પ ુરો થઈ જશે." હેપ્પી હવે વધુ રાહ જોઈ શકે એમ નહોતી. મને અને રાહુલને પણ મીરનો સવાલ સાંભળવની ઈન્તેઝારી હતી.

મીરાએ વાત વધુ ખેંચવી યોગ્ય ના લાગી. "બેબીડોલ, સવાલ તું ધારે છે એટલો અઘરો નથી. બહુ સિમ્પલ છે. મેમ આ પ્રોજેક્ટના ત્રણેય પાર્ટમાં એક કરતાં વધુ ટાસ્ક કરી શકાય કે નહીં ?" મીરા લુચ્ચા હાસ્ય સાથે બોલી. હું અને રાહુલ જોરથી હસી પડ્યા. હેપ્પીનું મોં જોવા જેવું હતું. મીરાએ એનો પોપટ બનાવ્યો હતો. "યુ, વાંદરી, લુચ્ચી તું કેન્ટીનમાં આવ એટલે તારી વાત છે."

એટલામાં લંચ ટાઈમના રિશેષનો બેલ વાગ્યો. રાહુલે મને આંખોના ઈશારાથી તેની સાથે આવવા જણાવ્યું. મને નવાઈ લાગી. પણ અમે બંને હેપ્પી અને મીરાને ડાયરેક્ટ કેન્ટીનમાં મળવાનું કહીને નીકળી ગયા.

"એક ગુડ ન્યૂઝ છે." રાહુલથી ના રહેવાયું. એ લોબીમાં ચાલતાં ચાલતાં બોલ્યો.

રાહુલ તરફથી બહુ ઓછીવાર મને આ શબ્દો સાંભળવા મળતાં. "વાહ, શું વાત છે. ઘણાં દિવસે તું આજે બહુ ખુશ હોય એવું લાગે છે. આઈ લાઈક ઈટ."

"તું ગેસ કર શું હશે એ ન્યૂઝ ?" રાહુલના ચહેરા પરની ખુશી છાની રહી શકે તેમ નહોતી.

"તારા પપ્પાએ તને પેઈન્ટિંગના વર્કશોપ માટેની મંજૂરી આપી દીધી હશે ?" મેં સહજભાવે કહ્યું.

"નો...એ મેટર તો હવે પાસ્ટ બની ગઈ ? આ સાવ અલગ જ છે." તે મને મુંઝવતો બોલ્યો.

મેં તેની નવી ગલફ્રેન્ડ, પપ્પા સાથે દોસ્તી, નવું પેઈન્ટિંગ એક્ઝિબિશન, બાયોલોજીના પ્રોબ્લેમ જેવી શક્યતાઓ રજૂ કરી. દરેકમાં તેનો જવાબ ના હતો.

આખરે મેં થાકીને કહ્યું. " મારા ભાઈ હવે તું કહી દે. નહીં તો પેલી બનેં જોગમાયા આવી જશે ? આપણી વાત અધૂરી રહી જશે."

એ બંનેની વાત રાહુલ સાવ ભૂલી ગયેલો. "મારું દેવી સાથે બ્રેકઅપ થઈ ગયું ..!" તેને આખરે સિક્રેટ જાહેર કરતાં કહ્યું

"વોટ...? દેવી સાથે બ્રેકઅપ....તું પાગલ થઈ ગયો છે કે શું....યાર ...દેવી એક રોબોટ છે. છોકરી થોડી છે કે એની સાથે રિલેશનશિપ શક્ય બને ?" મને આ સાંભળી રીતસર આઘાત લાગ્યો.

"કાના, દેવી એ હાફ હ્યુમન છે. એ આપણી જેમ વિચારી શકે છે. ફીલ કરી શકે છે. એટલે તો આપણાં દરેક પ્રોબ્લેમ્સના સોલ્યુશન એની પાસે છે." રાહુલ બોલ્યો.

"રાહુલ એ એક રોબોટ છે. એડવાન્સ ટેકનોલોજીને લીધે બની શકે તમે ધારો એવું પ્રોગ્રામિંગ કરી શકો ? તું કંઈ રીતે કહી શકે એ હાફ હ્યુમન છે ?" મને રાહુલની વાત ગળે ઉતરતી નહોતી.

"દેવીએ ખુદ મને કહ્યું. એનું પ્રોગ્રામિંગ કરનાર સાયન્ટિસ્ટને કોઈ સિક્રેટ ફોર્મ્યુલા હાથ લાગેલી. દેવીનું જયારે હાફ પ્રોગ્રામિંગ થયેલું ત્યારે એ સાયન્ટિસ્ટ ગાયબ થઈ ગયેલો. આ અડધા રોબોટને 'ફ્યુચર લેબ' એ ખરીદી લીધો." રાહુલ બોલ્યો.

"રાહુલ.. મને માનવામાં નથી આવતું. !દેવી તારી પાસે ખોટું પણ બોલતી હોય ?" મેં કહ્યું.

"દેવી નસીબદાર છે. એમાં હજુ માણસની પોઝિટિવિટીનું જ પ્રોગ્રામિંગ થયું છે. મારી સાથેના બ્રેકઅપ પછી મને ડર છે એ બધી નેગેટિવિટી પણ શીખી લેશે...!" રાહુલના ચહેરા પર ચિંતા દેખાઈ રહી હતી.

હું કંઈ જવાબ આપું એ પહેલાં બનેં જોગમાયા પાસે આવીને ઉભી રહી ગઈ.

(ક્રમશઃ)

## આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૭૭, શાલિવાહન શક-૧૯૪૨,વીર સંવત-૨૫૪૭, ઇસ્લામીક સંવત-૨૦૨૦, તા. ૦૫-૦૩-૨૦૨૧, શુક્રવાર, મહા વદ-સાતમ, સૂર્યોદય-૬-૪૨, સૂર્યાસ્ત-૬-૨૩, જૈન નવકારશી-૮-૧૦, આજની રાશિ : તુલા (ર.ત.), નક્ષત્રઃ અનુરાધા

**- શુભ ચોઘડીયા -**

અભિજીત ૧૩-૩૯ થી ૧૩-૨૪, ૮-૪૬ થી શુભ ૧૦-૧૧ સુધી, ૧૩-૦૧ થી ચલ-લાભ-અમૃત, ૧૭-૧૬ સુધી, ૧૮-૪૨ થી લાભ-૨૦-૧૬ સુધી, ૨૧-૫૧ થી શુભ-અમૃત-૨૫-૦૧ સુધી

**- શુભ હોરા-**

૮-૧૮ થી ૯-૧૪ સુધી, ૧૧-૦૮થી ૧૩-૫૮ સુધી, ૧૪-૫૫થી ૧૩-૫૧ સુધી ૧૭-૪૫થી ૨૦-૪૮ સુધી

સૂર્ય-કુંભ
ચંદ્ર-કર્ક
મંગળ-ધન
બુધ-કુંભ
ગુરૂ-ધન
શુક્ર-મેષ
શનિ-મકર
રાહુ-મિથુન
કેતુ-ધન
હર્ષલ-મેષ
નેપ્ચ્યુન-કુંભ
પ્લુટો-મકર

## રાશીફળ

» મેષ(અ.લ.ઈ.):- જ્ઞાન-શિક્ષા, સંશોધન વગેરે પર વિશેષ વ્યયનો યોગ. ઋણથી મુક્ત થશો.

» વૃષભ(બ.વ.ઉ.):- સાવચેતીથી કાર્ય કરવું, બીજાના વિશ્વાસમાં આવવું. વ્યવસાયિક યોજનાઓમાં સ્વયંની પ્રતિષ્ઠા અને સન્માનની અનુરૂપ કાર્ય કરવું

» મિથુન(ક.છ.ઘ.):- કૌટુંબિક જીવનમાં તનાવ રહી શકે છે. પ્રબળ આત્મવિશ્વાસ અને દ્દઢ નિશ્ચયથી મુશ્કેલ કાર્યોનો પણ ઉકેલ નીકળશે.

» કર્ક(ડ.હ.):- વહીવટકર્તાઓ માટે આર્થિક વૃદ્ધિનો યોગ. આધ્યાત્મના કાર્યોમાં સમય પસાર થશે.

» સિંહ(મ.ટ.):- વ્યાપારમાં ઉન્નતિ થશે. કુટુંબના સભ્યોનો સહયોગ મળશે. જીવનમાં સ્થાયિત્વનો બોધ રહેશે.

» કન્યા(પ.ઠ.ણ.):- મનોરંજન, ઉત્સવ આમોદ-પ્રમોદ સંબંધી કાર્ય થશે. સામાજિક કાર્યોમાં લોકપ્રિયતા વૃદ્ધિનો યોગ, ધર્મ આધ્યાત્મ સંબંધી મંગળ કાર્ય થશે.

» તુલા(ર.ત.):- કિુટુંબના સભ્યો પ્રત્યે વિશેષ ધ્યાન આપવું. તમારી બુદ્ધિ અને તર્કથી વ્યાપારમાં સફળતા મળવાની શક્યતા છે.

» વૃશ્ચિક(ન.ય.):- કાર્યમાં વ્યસ્તતા વધવાથી કુટુંબના લોકોને સમય નહીં આપી શકો. પોતાના કર્મ પર વિશ્વાસ રાખતાં કર્મ કરો. શત્રુઓની સંખ્યામાં વૃદ્ધિ થશે.

» ધન(ભ.ધ.ફ.ઢ.):- મિત્ર વર્ગ, સંતાન પક્ષ સંબંધી કાર્યોમાં ધન ખર્ચનો યોગ. વ્યાપ ાર, પરિવાર સંબંધી કાર્યોનો વિશેષ યોગ. વિવાદોથી બચવું.

» મકર(ખ.જ.):- કુટુંબમાં ઉદાસીનતાનું વાતાવરણ રહેશે. આર્થિક કાર્યમાં ઈચ્છિત પ્રગતિ નહીં થાય. પ્રચાર-પ્રસારથી દૂર રહી કામ કરો.

» કુંભ(ગ.શ.સ.):- ભૂલ કરવાથી વિરોધી હાવી થઈ શકે છે. કૌટુંબિક સમસ્યાઓનો ઉકેલ બુદ્ધિમત્તાથી કરવો. ભેંટની પ્રાપ્તિ સંભવ છે. સુખદ યાત્રા થવાનો યોગ છે.

» મીન(દ.ચ.ઝ.):- આર્થિક સંતોષ રહેશે. કામની ગતિ અનુકૂળ રહેશે. પરસ્પર સંબંધોને મહત્વ આપવું. સંતાનના કાર્યોથી સમાજમાં તમારી પ્રતિષ્ઠા વધશે.

# ઓશો રજનીશ પણ અભણ ભૂરીબા અલખ પાસેથી માર્ગદર્શન લેતા : તપસ્યા એટલે શું?






આચાર્ય રજનીશ પોતાના શિષ્યોને હમેશા બાઈ પાસે જઈને જ્ઞાન લેવાની સલાહ આપતા. રજનીશ સ્વયં જ્ઞાની, આમ છતાં તે બાઈને બે વાર મળવા માટે ગયાં હતાં અને લગભગ નિરક્ષર કહી શકાય તેમજ ગામઠી શૈલીમાં જીવતા બાઈ પાસેથી જ્ઞાન મેળવતા હતાં. નાથદ્વારા એટલે ભગવાન શ્રીનાથજીનું ધામ, આ જ સ્થળે આચાર્ય રજનીશ સહિત અનેક લોકોને જ્ઞાનનો પ્રકાશ આપ તા બાઈનું કર્મસ્થળ. બાઈ એટલે શ્રી ભૂરીબાઈ 'અલખ'પમહદઅંશે મૌન જ રહેવાનું અને બને એટલા ટૂંકાક્ષરી જવાબ આપે. આપણે ભૂરીબાઈ સાથે આધ્યાત્મિક યાત્રા કરવી છે.

યોગાનુયોગ વડોદરાના જાણીતા નિષ્ણાત ડો ભેસાણિયા સાહેબ ઘણીવાર મારી સાથે ભૂરીબાઈની વાતો કરતાં, તેમના એક મિત્ર દ્વારા મને ભૂરીબાઈનું પુસ્તક મળ્યું, ઘણા સમયથી ભૂરીબાઈ વિષે લખવું હતું. ભૂરીબાઈના જીર્ણ થયેલા નાથદ્વારા ના ઘરનું રિનોવેશન પછી ઘરનું નામ પણ અલખ આપવામાં આવ્યું. હવે જ્યારે નાથદ્વારા જાવ ત્યારે ભૂરીબાઈના અલખ આશ્રમની મુલાકાત લેજો.

ભગવાન રામના આદર્શ સાથે ભૂરીબાઈ જીવ્યા, ગુરુ બનવાનું કે વગર કારણે જ્ઞાન આપવાથી અત્યંત દૂર રહેતાં, અત્યંત સ્નેહાળ હોવા છતાં લોકો તેમના પ્રભાવથી ડરતાં. રમણ મહર્ષિ ના વિચારોથી પ્રભાવિત બાઈને ખાસ ભજનો સંભળાવવા માટે પધારો મારો દેશ ને વિશ્વભરમાં લોકપ્રિય કરનારા અલ્લાહ રખી બાઈ (આ પણ એક ઈન્ટરેસ્ટિંગ વ્યક્તિ છે, ભવિષ્યમાં એમની પણ વાતો કરીશું) ખાસ નાથદ્વારા આવતાં.

બાઈને કોઈએ પૂછ્યું કે સંસાર ક્યારે પેદા થયો? બાઈ : જે દિવસે તું પેદા થયોપ

બાઈએ એક પુસ્તક લખ્યું છે, જેમાં સફેદ કવર પર " રામ" લખીને અંદર ચાર છ પાના કાળા રંગે રંગી દીધાંપ પુસ્તક પણ મૌનપ.રામ સિવાય બધો અંધકાર છેપ

ભૂરીબાઈ અલખ :

જન્મ : ૧૮૯૨ સરદારગઢ રાજસ્થાન

નિધન : ૧૯૭૯ નાથદ્વારા

ભૂરીબાઈ મૌન રહેવું પસંદ, કોઈ બહુ બોલે એ પસંદ નહીં. આખા ઘરમાં તેમણે 'ચૂપ' શબ્દ લખાવ્યો હતાં.

ભૂરીબાઈને પૂછવામાં આવ્યું કે, પરમાત્માનો સાક્ષાત્કાર ક્યારે થાય? એમણે કહ્યું હતું કે આ પ્રશ્ન જે ઘડીએ મનમાંથી નીકળી જશે ત્યારે. બાઈને શરીર ત્યાગ પછી શું હોય એ પ્રશ્ન પર માનતાં કે જન્મ જન્મ જન્માંતર જેવું કશું નથીપ ભૂરીબાઈના પ્રત્યેક જવાબ બેસ્ટ વનલાઈનર રહેતાં, શક્ય એટલા ઓછા શબ્દો બોલવા. રજનીશ કહેતાં કે બાઈનો ધર્મમાં અભ્યાસ ઓછો છે, પણ ઈશ્વરની જ્ઞાન બાબતે વિશિષ્ટ કૃપા છે.

ભૂરીબાઈને સવાલો પૂછવામાં આવતા અને તેનો જવાબ પુસ્તક સ્વરૂપે છે. થોડી આ પ્રશ્નોત્તરીનો અભ્યાસ કરીએ.

પ્રશ્ન : વિચારો બહુ આવે છે, એનો પ્રવાહ અટકતો નથી.

જવાબ : ચૈતન્ય આવશે ત્યારે એ પણ નહીં અટકે.

પ્રશ્ન : તપસ્યા એટલે શું?

જવાબ : સહન કરવું

પ્રશ્ન : વૃત્તિ અટકતી નથી...

જવાબ: રોકવી પણ નહીં, અટકી એ દિવસે તમે પૃથ્વી પર નથી.

પ્રશ્ન : મનને કેવી રીતે રોકવું?

જવાબ : મન ફન હોતું નથી, દુનિયા જોવી, આપોઆપ પ્રશ્નો થાય અને જવાબ મળવા માંડે એટલે માર્ગ મળશે. સિનેમામાં એક જ દ્રશ્ય હોય તો જોવું ન ગમે.

પ્રશ્ન : આત્મા શું છે?

જવાબ : યુવાનીમાં ઈશ્વર સ્મરણ કરો, ઘડપણની રાહ ન જુઓ. બાકી એની જવાબદારી સાક્ષાત્કારની છે.



દેવલ શાસ્ત્રી
સંકલન

પ્રશ્ન : બાઈ, જ્ઞાન કહો

જવાબ : પહેલાં તારું અજ્ઞાન બોલવા માંડપ

પ્રશ્ન : જીવ શું છે?

જવાબ : કર્મ કરે એ જીવ અને તમારા ઘરમાં બેસીને જુએ એ ઈશ્વર.

પ્રશ્ન : ઉપદેશ આપો

જવાબ : દુનિયા જ ઉપદેશ છે, જ્યાં હાથીથી કીડી પાસે જ્ઞાન છે.

પ્રશ્ન : ભોજનને વૃત્તિ સાથે સંબંધ ખરો?

જવાબ : તમે જાગતા હોય તો કૂતરું તમારા ઘરમાં ઘૂસી શકે?

પ્રશ્ન : તમે કહો છો સાધુ સંતોના દર્શનથી પાપોનો નાશ થાય

જવાબ : એના માટે એ સાધુ હોવો જરૂરી છેપ.

પ્રશ્ન : મારો દરેક સમય પવિત્ર અને નિર્મળ કેમ નથી?

જવાબ : તમે મનનો ઠેકો લીધો છે?

પ્રશ્ન : હસ્તરેખા કેવી રીતે ભવિષ્ય કહે છે?

જવાબ : માતાના પેટમાં મુઠ્ઠી વાળી અને રેખાઓ પડી. આ રેખાઓમાં ભૂત ભવિષ્ય કશું નથી. ભગવાન મય થાવ

પ્રશ્ન : હું પણું કેવી રીતે કાઢું?

જવાબ : આજ હું પણું છે.

પ્રશ્ન : સંશય શું છે?

જવાબ : આખો દિવસ હાયવોય કરવી.

પ્રશ્ન : બધા સમજતા કેમ નથી?

જવાબ : બધા બધું જ સમજે છે, પણ સમજતા ડરે છે.

પ્રશ્ન : કલ્પના કેવી રીતે છૂટે?

જવાબ : મને જોઈએ છે એ વાત છોડશો તો કોઈ કલ્પના વિચાર પ રેશાન નહીં કરે...

# શા માટે રોજે રોજ જ શાકભાજી અને ફળ ખોરાકમાં લેવા જરૂરી છે?

કુલ ૧૩ વિટામિન્સમાંથી, A,D,E,K આ ચારેય ફેટમાં દ્રાવ્ય છે એટલે કે ફેટમાં ઓગળી જાય કે પીગળી જાય એટલે તેનો શરીરની ફેટમાં સંગ્રહ કે સ્ટોક થઈ શકે અને પછી જ્યારે શરીરને જરૂર પડે ત્યારે વાપરે.

પણ વિટામિન્સ B કોમ્પ્લેક્સ અને વિટામિન C આ બંને પાણીમાં દ્રાવ્ય હોય છે એટલે કે પાણીમાં ઓગળી કે પીગળી જાય એટલે કે વધારાના હોય તે પેશાબ દ્વારા શરીરમાંથી નીકળી જાય અને તેનો શરીરમાં સંગ્રહ થાય નહીં !!!

કેમ કે શાકભાજી અને ફળ તો લોકો રોજે જ ખાય છે એટલે શરીરને રોજે જ મળે એટલે વિટામિન B અને C ના સંગ્રહની કોઈ વ્યવસ્થા જ નથી તેમ.કહીએ તો ચાલે અથવા થોડા દિવસોના સ્ટોકની વ્યવસ્થા હોય. ફક્ત વિટામિન B12 નો બે-ચાર-પાંચ વર્ષનો સ્ટોક થઈ શકે અને બીજા ફોલિક એસિડના લગભગ ત્રણ મહિના સ્ટોકની વ્યવસ્થા હોય છે અને એ પણ દારૂ કે સિગરેટ ના પીતા હોય, જરૂર કરતાં વધુ ફેટ જમા ના કરી હોય એટલે કે લીવર સારું રહેવા દીધું હોય તો. વિટામિન B12 અને C આ બંને ખૂબ જ જરૂરી હોય આવી થોડી-ઘણી વ્યવસ્થા હોય છે.

વિટામિન B12 અને ફોલિક એસિડને છોડીને બાકીના વિટામિન B કોમ્પ્લેક્ષ અને C નો અમુક દિવસો સિવાયનો સ્ટોક થતો નથી...એટલે... આં કારણે રોજે જે પૂરતા પ્રમાણમાં શાકભાજી અને ફળ ખાવા કિંમતી છે. રોજે શાકભાજી અને ફળ લો તો જ રોજે જરૂરી અને સ્ટોક ના થઈ શકે તેવા વિટામિન્સ શરીરને મળે. વિટામિન્સ એ શબ્દનો મતલબ જ છે કે vital+ amines... શરીર માટે જરૂરી /vital.... શરીર ને જેના વગર ચાલે જ નહીં તેવા amines એટલે vitamines /વિટામિન્સ. આપણને ક્યુ વિટામિન્સ કેમાંથી મળે અને તે ક્યાં ઉપયોગી તે બધી જ આપણને ખબર જ હોય છે, પણ જે ખાસ કીમતી છે તે જ ખબર નથી હોતી.



અજય પરમાર
લેખક

મોર્ડન જગતમાં મોર્ડન ખોરાકમાં આપણે વિટામિન્સ ઓછા, અધૂરા, અપૂરતા, ક્યારેક-ક્યારેક લઈએ છીએ એટલે મોર્ડન જગતમાં વિટામિનની ઉણપને કારણે ટઅડ ઉણપવાળો રોગ થયો તે ભાગ્યે જ જોવા મળે!!

અને સામે બીજી બાજુએ, શરીરને ચેન પણ ના પડે અને ટઅડ ને મજા પણ ના આવે !! એટલે સાવ અલગ જ ચિત્ર સર્જાય !! આવા જ કારણો જવાબદાર છે અકાળે વૃદ્ધ દેખાવા માટે અને અકાળે વૃદ્ધાવસ્થાના રોગો યુવાનોમાં દેખાવા માટે...

તેને કારણે યુવાનીમાં કોઈ મોટા પ્રોબ્લેમ સીધા જ કે દેખાતી રીતે ઉભા ના થાય પણ ફકત બે જ કોષોમાંથી બાળક બને અને નવ જ મહિનામાં ત્રણ કિલો કે એક ફૂટનું... સંપૂર્ણ દેખાતું બાળક બની જાય !!! અને બાળપણમાં પણ રોજે જ બાળક વૃદ્ધિ પામે છે ત્યારે આ બધા વિટામિન્સની અધકચરી, અપૂરતી હાજરી અનેકો સમસ્યા આડકતરી રીતે પેદા કરવામાં જવાબ દાર બને.

વિટામિન B12 અને ફોલિક એસિડ કોઈ પણ કોષના ન્યુક્લિયસ બનાવવા માટે જોઈએ જ!! તેના વગર ચાલે જ નહીં. એટલે સગર્ભાવસ્થા પહેલા તેના સ્ટોક ચેક કરવા અને પછી રોજે જ પૂરતા પ્રમાણમાં લેવા કિંમતી છે... પણ ગર્ભસંસ્કારના નામે આજકાલ ધર્મ, ફિઝિયોથેરાપી કે કસરત અને આયુર્વેદ જ ચાલે છે !!!

વૃદ્ધાવસ્થામાં અને રોગીષ્ઠ અવસ્થામાં પણ આ અધકચરા. અપૂરતા, રોજે જ ઓછા મળતા વિટામિન્સ અને બધા જ માઈક્રોન્યુટ્રિએન્ટ્સ ઘણી સમસ્યા માટે આડકતરી રીતે જવાબદાર છે!

# બનાવટી દસ્તાવેજોની મદદથી બીએસ ૪ એન્જિન વાહનોનું વેચાણ કરનાર ગેંગનો પર્દાફાશ : ૧૫૧ વાહનો કબજે કર્યા

## મારુતિ સુઝુકી પાસેથી બીએસ ૪ એન્જીન ધરાવતી ૪૦૬ કારો આરોપીની ટોળકીએ ખરીદી



ચક્રવાત ટીમ, મુંબઈ ૪

સરકારે માર્ચ ૨૦૨૦ થી બીએસ ૪ વાહનોના વેચાણ પર પ્રતિબંધ મૂક્યો હતો. પરિણામે, સ્ટોકમાં ૪૦૬ નવા વાહનોનું વેચાણ મારુતિ સુઝુકી દ્વારા ભંગારમાં થયું હતું. જો કે, આરોપીઓએ બનાવટી ચેસીસ નંબર, દસ્તાવેજો અને નંબર પ્લેટ બનાવીને વાહનોને ભંગારમા ન કાઢી ખરેખર દેશના વિવિધ રાજ્યોમાં વેચી દીધા હતા. આમાંથી ૧૫૧ વાહનો કબજે કરવામાં નવી મુંબઈ ક્રાઈમ બ્રાંચને સફળતા મળી છે. આ કેસમાં નવ આરોપીની અટક કરવામાં આવી છે. નવી મુંબઈ ક્રાઈમ બ્રાંચે પૂરના કારણે ઓછા ભાવે કાર વેચતા હોવાનો દાવો કરીને નકલી દસ્તાવેજો અને ચેસીસ નંબર સાથે બીએસ ૪ વાહનો વેચતી આંતરરાષ્ટ્રીય ગેંગને પકડવામાં સફળતા મળી છે. દેશભરમાંથી રૂ. ૧૪ કરોડના ૧૫૧ વાહનો કબજે કરવામાં આવ્યા છે અને નવ જણની ગેંગની અટક કરવામાં આવી છે. વધતા પ્રદૂષણને કારણે ભારત સરકારે માર્ચ ૨૦૨૦ થી બીએસ ૪ એન્જિન વાહનોના વેચાણ પર પ્રતિબંધ મૂક્યો હતો. આ પછી, મારુતિ સુઝુકીએ કાનૂની પ્રક્રિયા પૂર્ણ કર્યા પછી નવા ૪૦૬ વાહનોને સ્ટોકમાં વેચ્યા હતા. મુખ્ય આરોપી અનમ સિદીકીએ ભંગારમા લીધેલ વાહનોને તોડ્યા વિના ફરીથી વેચ્યા હતા. પનવેલમાં પૂરમા ભિંજાયેલા વાહનો હોવાનું જણાવી આરોપીઓએ આખા ભારતમાં બીએસ ૪ એન્જિનવાળા વાહનોને નીચા ભાવે વેચ્યા હતા. આ માટે બનાવટી ચેસીસ નંબર, એન્જિન નંબર, દસ્તાવેજો, વાહન નંબરો બનાવ્યાં હતાં અને સામન્ય લોકોના ગળામા તે પધરાવ્યા હતા.. તેમને એ વાતનું ધ્યાન પણ નહોતું પડ્યું કે ઘણા લોકોએ જે કારો દ્વારા લાખો રૂપિયા ચૂકવ્યા હતા તે સસ્તી કારો સ્ક્રેપની હોવાની જાણ ન હતી.અગાઉ મહારાષ્ટ્ર, ગુજરાત, રાજસ્થાન, આંધ્રપ્રદેશ અને હિમાચલ પ્રદેશમાં વાહનોનું વેચાણ થતું હતું. ૪૦૬ વાહનોમાંથી ૧૫૧ વાહનો નવી મુંબઈ ક્રાઈમ બ્રાંચે કબજે કર્યા હતા અને આ કેસમાં ૯ વ્યક્તિઓની ગેંગની અટક કરવામાં આવી છે. નવી મુંબઈ ક્રાઈમ બ્રાંચે દિલ્હી વિસ્તારમાં વેચાયેલા ૩૦૦ વાહનો કબજે કર્યા છે. પરંતુ તે ટ્રેનોને મહારાષ્ટ્રમાં કેવી રીતે લાવવી? આ સવાલ પોલીસ તંત્રને પડ્યો છે. દિલ્હીથી નવી મુંબઈ ૩૦૦ કારો લાવવા લાખો રૂપિયા ખર્ચ થશે.. પોલીસના જણાવ્યા મુજબ, વાહનો જ સ્થળેથી જપ્ત કરવામાં આવ્યા છે ત્યાંજ રાખવામા આવ્યા છે.

# પાલિકાની હોસ્પીટલના ડોકટરની કોરોનાબાધિત મહિલા પાસે શરીરસુખની માંગણી

## રાજ્યના કોવિડ સેન્ટરમાં મહિલાઓની સલામતી સુનિશ્ચિત કરવા, એસઓપી લાગુ કરવામાં આવશે: એમ નાયબ મુખ્યમંત્રી અજિત પવાર



ચક્રવાત ટીમ, મુંબઈ તા. ૪

ઔરંગાબાદમાં મ્યુનિસિપલ કોરોના સારવાર કેન્દ્રમાં કાર્યરત ડોક્ટર પર કોરોનાથી અસરગ્રસ્ત મહિલા પાસેથી શરીરસુખ માંગવાનો આરોપ મૂકાયો છે. આ ઘટના બાદ દર્દીના ગુસ્સે ભરાયેલા સબંધીઓ હોસ્પિટલમાં દોડી આવ્યા હતા અને ડોક્ટરને માર માર્યો હતો. બે દિવસ પહેલા એક મહિલાને પદમપુરાના કોરોના ઉપચાર સેન્ટરમાં દાખલ કરવામાં આવી હતી. આયુષ ડોક્ટરે મહિલા પાસેથી તેનો મોબાઈલ નંબર લીધા બાદ સતત ફોન કરી રહ્યો હતો. ડોક્ટરે મંગળવારે રાત્રે બે વાગ્યે મહિલા પાસે શરીરની સુખની માંગ કરી હતી. તેને ટેરેસ પર લઈ જવાની કોશિશ કરી. હતી જ્યારે મહિલાએ વિરોધ કરી ચીસો પાડતા કોવિડ કેર સેન્ટરમાં એક જ હંગામો થયો હતો, અન્ય સ્ટાફ દોડી આવ્યો હતો. અને દરમિયાનગીરી કરી. પીડિતા હોસ્પિટલમાં રડતી હતી. સંબંધીઓને ઘટનાની જાણ થતા તાત્કાલિક હોસ્પિટલમાં આવી ડોકટરને માર મારવામાં આવ્યો હતો. સંચાલક આસ્તિકકુમાર પાંડેએ આ મામલાની તાત્કાલિક તપાસ કરી ગુરુવારે સવાર સુધીમાં એક રિપોર્ટ રજૂ કરવામાં આવે.તેવો આદેશ આપવામા આપ્યો હતો. આ મામલે પોલીસમાં કોઈ ફરિયાદ નોંધાઈ નથી. ઔરંગાબાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના આરોગ્ય અધિકારી નીતા પાટણકરે માહિતી આપી છે કે ડોક્ટરને કાઢી મુકવામા આવ્યો છે. પડાલકરે એમ પણ કહ્યું હતું કે ઘટનાની તપાસ કર્યા બાદ યોગ્ય કાર્યવાહી કરવામાં આવશે. જો કે, મહિલાએ આ મામલે કોઈ ફરિયાદ નોંધાવી ન હોવાથી કાયદેસરની કાર્યવાહી કરી શકાતી નથી.

રાજ્યના કોવિડ સેન્ટરમાં મહિલાઓની સલામતી સુનિશ્ચિત કરવા, એસઓપી (સ્ટાન્ડર્ડ ઓપરેટિંગ સિસ્ટમ) ૩૧ માર્ચ સુધીમાં તૈયાર કરવામાં આવશે અને લાગુ કરવામાં આવશે. રાજ્યના તમામ કોવિડ કેન્દ્રો માટે આ એસ.ઓ.પી. ફરજિયાત રહેશે, એમ નાયબ મુખ્યમંત્રી અજિત પવારે આજે વિધાનસભામાં જાહેરાત કરી હતી.

# કોંગ્રેસના મોટા નેતાની પુત્રીના બનાવટી એકાઉન્ટ વડે પૈસાની માંગ

ચક્રવાત ટીમ, મુંબઈ તા. ૪

સોશિયલ મીડિયા પર બનાવટી એકાઉન્ટ્સ બનાવીને સેલિબ્રિટીઝ પાસેથી પૈસા માંગવાની ફરિયાદો વધી રહી છે. કોંગ્રેસ નેતા અને મહેસૂલ પ્રધાન બાળાસાહેબ થોરાટની પુત્રી જયશ્રી થોરાટ સાથે આવું બન્યું છે. જયશ્રી થોરાટનું ફેક ફેસબુક એકાઉન્ટ બનાવવામાં આવ્યું છે.

જયશ્રી થોરાટના ફેસબુક એકાઉન્ટમાંથી કોઈ અજાણ્યો શખ્સ પૈસાની માંગ કરી રહ્યો છે, સંગમનેર શહેર પોલીસ સ્ટેશનમાં સાયબર ક્રાઈમની ફરિયાદ નોંધાઈ છે. આ મામલે તપાસ ચાલી રહી છે.

કોંગ્રેસ નેતા અને મહેસૂલ પ્રધાન બાલાસાહેબ થોરાટની પુત્રી જયશ્રી થોરાટના નામે કોઇ અજાણી વ્યક્તિએ સોશ્યલ મિડિયા પર બનાવટી બનાવ્યું હોવાનું પ્રકાશમાં આવ્યું છે કે તેમના ફેસબુક પૃષ્ઠો પર બાળાસાહેબ થોરાટ અને જયશ્રી થોરાટના ફોટાઓનો દુરૂપયોગ કરવામાં આવ્યો છે. આ બનાવટી ખાતા દ્વારા પૈસાની માંગ કરવામાં આવી રહી છે.

ચોંકાવનારી વાત એ છે કે જયશ્રી થોરાટના મિત્રો અને પરિવાર પાસેથી ગુગલ પે અને ફોન પે દ્વારા પૈસાની માંગ કરવામાં આવી રહી છે. સિદ્ધાર્થ બાલાસાહેબ થોરાટે અહેમદનગરના સંગમનેર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે. જયશ્રી થોરાટ ટાટા મેમોરિયલ હોસ્પિટલમાં કેન્સર નિષ્ણાત તરીકે કાર્યરત છે. તેમણે કોરોના સંકટ દરમિયાન દર્દીઓની સેવા કરી છે.ડિસેમ્બર ૨૦૨૦માં ડો.જયશ્રી થોરાટ.નું સગપણ ડો. હસમુખ સાથે થયુ છે. ટૂંક સમયમાં તેઓ લગ્ન કરશે.

# ગોરેગાંવના આરે જંગલમાં આગ : આગ લગાડવામાં આવતી હોવાનો પર્યાવરણવાદી સંઘટનનો આક્ષેપ

ચક્રવાત ટીમ, મુંબઈ તા. ૫

ગોરેગાંવમાં આરે જંગલમાં આગ લાગવાની ઘટનાઓમા પ્રતિદિન વધારો થતો જોવા મળે છે.. મોર્ડન બેકરી વિસ્તારમાં મંગળવારે મોડી રાત્રે આગ ભભૂકી ઉઠી હતી. આરે કન્ઝર્વેશન માટે કામ કરતા સ્વયંસેવકોએ જણાવ્યું કે આવી આગ મહિનામાં પાંચથી છ વખત લાગી છે. 'મુખ્યમંત્રીશ્રીએ આરેની ૮૦૦ એકર જંગલ (વન) તરીકે જાહેર કર્યા પછી આ પ્રમાણ વધુ વધ્યું છે. આગ પ્રકૃતિ દ્વારા શરૂ કરવામાં આવી ન હતી પરંતુ અજાણ્યા લોકો દ્વારા શરૂ કરવામાં આવી હતી, 'એવો દાવો પર્યાવરણીય જૂથોએ કર્યો હતો.

વધતા તાપમાનને કારણે જંગલમાં આગ લાગી છે, પરંતુ મુંબઈના આરેમાં વિવિધ સ્થળોએ એક પછી એક આગ લગાડવામા આવતી હોવાનું ધ્યાનમા આવ્યુ છે. પર્યાવરણપ્રેમીઓ આશ્ચર્યચકિત થઈ રહ્યા છે કે આ સંકેતો શું છે. ૧૫ અને ૨૬ ફેબ્રુઆરીએ આવી જ આગ લાગી હતી. તેમનું કહેવું છે કે આગનું સત્ર દર આઠથી દસ દિવસે યોજાય છે. મંગળવારે રાત્રે સ્વયંસેવકોએ આગ કાબૂમાં લીધી હતી. કોઈ જાનહાની થઈ નથી. સ્વયંસેવકો આગને કાબૂમાં લેવામાં મદદરૂપ થયા છે. વન તરીકે ૮૦૦ એકર જંગલની ઘોષણા ઘણા લોકોને પસંદ ન પડતા આગ વારંવાર એવી રીતે લગાડવામા આવે છે કે નવા છોડ પણ બળી જાય છે. આ જગ્યાનો કબજો લઈ અતિક્રમણ કરવા માટેનું યોગ્ય સ્થળ છે, '' ફોરેસ્ટ સર્વિસના અધિકારીએ જાણકરી આપી છે કે , આ મામલે વહેલી તકે કાર્યવાહી કરવા મુખ્યમંત્રી ઉદ્ધવ ઠાકરેને એક વિગતવાર પત્ર મોકલવામાં આવ્યો છે.

'આરેમા પહેલા ફાયર બ્રિગેડનું સેન્ટર હતું. તે પછીથી કાઢી નાખવામાં આવ્યું હતું. હાલની સ્થિતિ એ છે કે જો આગ લાગે તો બુઝાવવા કોઈ બહારથી આવતું નથી. આરે માટે લડતા સ્વયંસેવકોએ તેમના જીવના જોખમે આગ કાબૂમાં કરી હતી. રિવાઈડિંગ આરેના પ્રતિનિધિએ જણાવ્યું હતું કે, તેઓ બને તેટલી મહેનત કરશે, પરંતુ જો ભૂલથી આગ ફાટી નીકળે તો તે મોટો અકસ્માત સર્જી શકે છે. ત્યાં વૃક્ષોને કાપવા પર પ્રતિબંધ છે. જે વૃક્ષો કાપનાર પર ગુનો દાખલ કરવામાં આવે છે. પરંતુ આગ લ્ગાડનાર વિરુધ્ધ કોઈ નિયમો નથી.,આ બાબતે ઉંડાણપૂર્વક તપાસ કરવામાં આવે તો આ સત્ર ચોક્કસપણે બંધ થઈ જશે. પરંતુ ખુદ વહીવટી તંત્ર આની અવગણના કરી રહ્યું છે. જો એક કે બેની ધરપકડ કરવામાં આવે તો આ પ્રકારો બંધ થઈ જશે. બે વર્ષ પહેલા લગાડવામા આવેલી આગ બાબતે પણ હજી સુધી કાર્યવાહી કરવામાં આવી નથી, જે વહીવટી તંત્રના સુસ્ત સંચાલન સૂચવે છે.તેમ રેવાઈડિંગ આરેના અધિકારીએ માહિતી આપી છે.

# નાલાસોપારામાં આર્થિક વિવાદે, પત્નીની હત્યા કરી પતિ ફરાર



ચક્રવાત ટીમ, મુંબઈ તા. ૪

નાલાસોપારામાં એક ચોંકાવનારી ઘટના બની છે જેમાં પતિએ નિવાસસ્થાને પત્નીની છરીના ઘા ઝીંકી હત્યા કરી છે. પ્રાથમિક ધારણા છે કે આર્થિક વિવાદના કારણે પત્નીની હત્યા કરવામાં આવી હતી. નાલાસોપારા પૂર્વ શિરડી નગર વિસ્તારમાં રહેતા રૂપેશ મોરે નુ તેની પત્ની વિનિતા સાથે આર્થિક વિવાદે બોલાચાલી થતા ગુસ્સે ભરાઈ તેના પર ચાકુના વાર કર્યા હતા.ઘટનામા પત્ની વિનિતાનં મોત થયુ હતુ.તુલિંજ પોલિસને ઘટનાની જાણ ઘટના સ્થળે દોડી આવી હતી તેમજ મૃતદેહનો કબ્જો લઈ પોસ્ટમોર્ટમ માટે મોકલી અપ્યો હતો.હાલમા મૃતક મહિલાનો પતિ ફરાર હોવાથી પોલિસ તેની શોધ કરી રહી છે. નાલાસોપારામાં માર્ચના પ્રથમ ત્રણ દિવસમાં ત્રીજી હત્યાના બનાવથી નાલાસોપારા વિસ્તારમાં હંગામો થયો છે. ૧ માર્ચે શંખેશ્વરનગરમા પાઠક સિક્યુરીટી ગાર્ડની મળસ્કે હત્યા થઈ હતી જ્યારે બીજી હત્યા નાલાસોપારામા ૧ માર્ચે સાંજે ૪.૩૦ વાગે ગોરાઈપાડા પાસે શિતલાદેવી મંદિર પાસે રિક્ષાચાલક કિસાન સચ્ચિદાનંદ શુકલા(૨૯)ની કેટલાક અજાણ્યા શખ્સોએ તીક્ષ્ણ હથિયાર વડે હત્યા કરવામા આવી હતી. તુલિંજ પોલિસ સ્ટેશનના પીઆઇ રાજેન્દ્ર કાંબલેએ માહિતી આપતા જણાવ્યુ છે કે મહિલાની હત્યા બાબતે આરોપીનું લોકેશન મળ્યુ છે એક ટીમ તેને શોધવા તે ઠેકાણે ગઈ છે.

# મુંબઈમાં સસ્તામાં ડોલર મેળવવાની લાલચે શખ્સે બે લાખ રૂપિયા ખોયા

ચક્રવાત ટીમ, મુંબઈ .તા. ૪

સાકીનાકા વિસ્તારમાં સસ્તામા ડોલર આપવાના બહાને બે લાખ રૂપિયાની ઉચાપત કરાઈ હતી. પૈસા લઈને ડ્રાઈવરને કાગળનો રોલ અપાયો હતો. ફેબ્રુઆરી મહિનામા પણ આ પ્રકારે પાંચ લાખ રૂપિયાની છેતરપીંડી કરવામા આવી હતી. તેથી પોલીસને શંકા છે કે આ ઘટનાઓની પાછળ એક જ ગેંગ હોવી જોઈએ.

ડ્રાઈવર, જે કંપનીમાં કામ કરે છે જે ફાઈવ સ્ટાર હોટલોમાં રહેતા લોકોને ભાડે વાહનો પૂરા પાડે છે, તે સાકીનાકા વિસ્તારમાં તેને અજાણી વ્યક્તિને મળી. હતી. તે વ્યક્તિએ ડ્રાઈવરને જણાવ્યુ હતુ તેના મિત્ર પાસે ૫,૦૦૦ ડોલર છે. અમે આ ડોલરને પૈસામાં કન્વર્ટ કરવા માગીએ છીએ. તેણે કહ્યું હતું કે તે ડોલરને બજાર કિંમત કરતા ઓછા ભાવે વેચશે કારણ કે તેને પૈસાની જરૂર હતી.

બે દિવસ પછી, બીજા વ્યક્તિનો ફોન કારડ્રાયવરના મોબાઈલ પર આવ્યો હતો.. ડ્રાઈવરે તેની કંપનીના માલિકને ડોલર વિશે જાણકારી આપતા ,સસ્તામા ડોલર મળતા હોવાથી કંપનીએ રસ દાખવ્યો હતો.તે પ્રમાણે, ત્રણ યુવકો ૫,૦૦૦ ડોલર સાથે ડ્રાઈવરને મળ્યા. બેગમાંથી થોડા ડોલર બતાવ્યા બાદ પછી આ ડોલર માટે ત્રણ લાખ રૂપિયા આપવાનું નક્કી થયું. તેમાંથી બે લાખ રૂપિયા તે જ સ્થળે ચૂકવવાના હતા અને બાકીના એક લાખ રૂપિયા કંપનીના કાર્યાલયમાં ચૂકવવાના હતા. બે લાખ ચૂકવ્યા બાદ ત્રણ શખ્સોએ ડોલરથી ભરેલી બેગ ડ્રાઈવરને આપી દીધી હતી. બાકીના પૈસા લેવા તેઓ ઓફિસે આવશે એમ કહીને તે ત્યાંથી ચાલ્યો ગયા હતા. ડ્રાઈવર ડોલરની થેલી લઈને ઓફિસ પહોચીને માલિકની સામે બેગ ખોલવામાં આવી ત્યારે બેગમાંથી કાગળના દડા મળી આવ્યા. ડ્રાઈવર અને તેની કંપનીએ આ છેતરપિંડીની જાણ સાકીનાકા પોલીસ સ્ટેશનમાં કરી હતી.

# કાસા પોલિસે ૮ લાખના ગુટકા સહિત ટ્રક જપ્ત કરી આરોપીની અટક

ચક્રવાત ટીમ, મુંબઈ તા. ૪

કાસા પોલિસે ગુજરાતથી મુંબઈ તરફ આવતી ટ્રકમાથી આશરે ૮ લાખની કિમતના ગુટકા તેમજ ટ્રક જપ્ત કરી આરોપીની અટક કરી છે

કાસા પોલિસે ૩ માર્ચના રોજ સવારના ૬.૩૦ વાગે ચારોટી ગામની હદમા :ઓટલ શેર પંજાબ પાસે શંકાસ્પદ વાહનોની તપાસણી કરી હતા.ત્યારે એક ટ્રકમાથી રાજ્યમા પ્રતિબંધ લગાડવામા આવેલ ગુટકા ભરેલ બંડલો મળી આવ્યા હતા.જેમાથી ભોલા તંબાકુ, કેશવાણી જર્દા ભંડાર તેમજ ડિલક્સ ચોઈંગ ટોબેકોના બોક્સો મળી આવ્યા હતા..પોલિસે ૧૧ લાખની કિમતની ટ્રક સહિત માલ મળી ૧૯,૮૩,૫૦૦/-ની કિમતનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો.તેમજ ટ્રકચાલક વિરુધ્ધ ગુનો નોંધી તેની અટક કરી છે.

# મિરારોડમા હુક્કાપાર્લર પર છાપો વેઈટર,સ્ટાફ અને ગ્રાહકો મળી ૧૮ જણ વિરુધ્ધ ગુનો

ચક્રવાત ટીમ, મુંબઈ, તા. ૪

મિરારોડમા ડીસીપી વિભાગ દ્વારા એક હુક્કા પાર્લર પર છાપો મારી માલિક, વેઈટર તેમજ ગ્રાહકો મળી ૧૮ જણ વિરુધ્ધ મિરારોડ પોલિસમા ગુનો નોંધવામા અવ્યો છે.

મિરારોડના શિતલનગર વિસ્તારના રશ્મીપાર્ક બિલ્ડીંગમા આવેલ શિસા લોન્જ હુક્કા પાર્લરમા હર્બલ હુક્કાના નામ હેઠળ રાજ્યમા પ્રતિબંધ લગાડવામા આવેલ તંબાંકુજન્ય હુક્કા ગેરકાયદેસર ગ્રાહકોને નશા માટે આપવામા આવતા હોવાની માહિતી ડીસીપી ઝોન ૧ ના અમિત કાળેને મળી હતી.તેઓની ટીમ દ્વારા ૩ માર્ચના રોજ શિસા લોન્જ હુક્કા પાર્લરમા છાપો મારતા તે ઠેકાણે તંબાકુ ભરેલ હુક્કા પીતા ગ્રાહકો મળી આવ્યા હતા.પોલિસે હુક્કા ચાલક, મેનેજર તેમજ વેઈટર મળી ૭ જણ તેમજ ૧૧ ગ્રાહકો વિરુધ્ધ મિરારોડ પોલિસમા ગુનો નોંધાવ્યો હતો.

# ગનપોઈન્ટ પર વિવાહિત મહિલા પર બળાત્કાર, મહારાષ્ટ્રમાં રક્ષક બન્યો ભક્ષક

ચક્રવાત ટીમ, મુંબઈ તા. ૪

વિધાન ભવનમાં વધુ એક ચોંકાવનારી ઘટના પ્રકાશમાં આવી છે જ્યારે ઔરંગાબાદમાં બનેલી ઘટનાના પડઘા શમ્યા નથી ત્યા ઉસમાનાબાદમા એક પોલિસ દ્વારા.ગનપોઈન્ટ પર વિવાહિત મહિલા પર બળાત્કાર ગુજારતા પિડિત મહિલાએ આત્મહત્યા કર્યાની ઘટનાને લઈને હોબાળો મચ્યો હતો જ્યાં ફક્ત રક્ષક જ ભક્ષક બન્યો છે. ઉસમાનાબાદમા એક પરિણીત મહિલાને બળજબરીથી પોલિસે તેના ઘરે બોલાવી હતી અને પોલીસે બંદૂકની પોઈન્ટ પર બળાત્કાર ગુજાર્યો હતો. આ ઘટનાને પગલે વિસ્તારમાં હંગામો થયો હતો. રક્ષક શિકારીની જેમ વર્તે છે, ત્યારે હવે સવાલ એ છે કે ન્યાય માટે કોણ જવું જોઈએ. આ ઘટનાથી વિસ્તારમાં આક્રોશ ફેલાયો છે. આ ઘટના ઉસ્માનાબાદ શહેરના હનુમાન ચોકમાં બની હતી.બળાત્કાર ગુજાર્યા બાદ મહિલાએ સ્યુસાઇડ નોટ લખીને આત્મહત્યા કરી છે. મહિલાએ સુસાઇડ નોટમાં કહ્યું કે તેના મૃત્યુ માટે પોલીસ જવાબદાર હોવાનું જણાવ્યુ હતુ. પોલિસે ગનપોઈન્ટ પર ઘરે બોલાવી અને બળાત્કાર ગુજાર્યો હતો આ માટે જે પોલીસ અધિકારી છે તેની ધરપકડ થવી જોઈએ, 'પીડિતાએ આત્મહત્યા કરતા પહેલા જણાવ્યું છે.

પીડિતાએ આપઘાત કરતા પહેલા સુસાઇડ નોટ લખી હતી. આ સ્યુસાઇડ નોટમાં આરોપી પોલીસનો ઉલ્લેખ છે. પોલીસ આ મામલે તપાસ કરી રહી છે. ઘટના સ્થળે બે જુદી જુદી સુસાઇડ નોટો મળી આવી છે, જે બતાવે છે કે પરેશાનીથી કંટાળી મહિલાએ આત્મહત્યા કરી હતી. આરોપી ઉસ્માનાબાદ પોલીસ દળનો કર્મચારી છે અને ઉસ્માનાબાદ શહેર પોલીસ સ્ટેશનમાં કેસ નોંધવામાં આવ્યો છે. આ બનાવની હાલમાં તપાસ ચાલી રહી છે અને આરોપીને હાથકડી લગાવી દેવામાં આવી છે.

# બ્રિટનના પ્રિન્સ હેરીના પત્ની મર્કલની હીરાની બુટ્ટી આવી વિવાદોમાં

(જી.એન.એસ.)લંડન/વોશિંગ્ટન,તા.૪

હોલિવુડ અભિનેત્રી અને બ્રિટનના પ્રિન્સ હેરીના પત્ની મેગન મર્કલની હીરાની બુટ્ટી ચર્ચામાં આવી ગઇ છે. આ બુટ્ટી પોતાની સુંદરતા નહીં પરંતુ તેમને ગિફ્ટમાં આપનાર શખ્સના લીધે વિવાદોમાં છે. જો કે મેગનને આ ગિફ્ટ સાઉદી અરબના ક્રાઉન પ્રિન્સ મોહમ્મદ બિન સલમાનએ આપી હતી. એમબીએસને પત્રકાર જમાલ ખશોગીની હત્યા માટે જવાબદાર મનાય છે અને અમેરિકાની જો બાઈડેન સરકાર પાસેથી માંગણી કરવામાં આવી રહી છે કે ગુપ્તચર રિપોર્ટમાં એમબીએસનું નામ સામે આવ્યા બાદ તેમના વિરૂદ્ધ કાર્યવાહી કરવામાં આવે. કેનસિંગટન પેલેસએ ઑક્ટોબર ૨૦૧૮માં ફિજીમાં આયોજીત એક ડિનર અંગે કહ્યું હતું કે તેમાં મેગને જે ઈયરિંગ્સ પહેરી હતી તે કોઈ પાસેથી લેવામાં આવી હતી.

# દોહિત્રી પ્રત્યેનો નાની પ્રેમ માતા-પિતાનું સ્થાન ન લઈ શકે: બોમ્બે હાઈકોર્ટ

(જી.એન.એસ.)મુંબઇ,તા.૪

બોમ્બે હાઈકોર્ટે નાસિકની એક ૧૨ વર્ષની બાળકીની કસ્ટડીનો ચુકાદો આપતાં કહ્યું કે, નાનીનો તેની દોહિત્રી માટે વિશેષ પ્રેમ હોય છે, પરંતુ તે પ્રેમ તેના માતા-પિતાનું સ્થાન ન લઈ શકે. આ સાથે કોર્ટે બાળકીની કસ્ટડી તેના માતાપિતાને આપી હતી. નાસિકના એક દંપતીએ આ વર્ષની શરૂઆતમાં હાઈ કોર્ટની શરણ લીધી હતી. દંપતીએ બાળકીને પોતાની સાથે લઈ જવા માટે હાઈ કોર્ટમાં અરજી કરી હતી. તેમણે કોર્ટમાં જણાવ્યું કે બાળકીની માતાની તબિયત વધુ ખરાબ થઈ ગઈ હતી. ડોક્ટરે સંપૂર્ણ બેડરેસ્ટની સલાહ આપી હતી. તેથી ૨૦૧૯માં તે પોતાની બાળકીને લઈને થોડા સમય માટે પોતાની માતાના ઘરે નાસિક ગઈ હતી.

# કોટનના વાયદાઓમાં ૩૬,૯૫૦ ગાંસડીના વોલ્યુમ સાથે ઓપન ઈન્ટરેસ્ટ ૨,૮૬,૭૦૦ ગાંસડીના સ્તરે

ચક્રવાત ટીમ, મુંબઈ,૦૪

વિવિધ કોમોડિટી વાયદા, ઈન્ડેક્સ ફ્યુચર્સ અને ઓપ્શન્સમાં મળીને પ્રથમ સત્રમાં એમસીએક્સ પર ૨૩૨૮૨૭ સોદામાં રૂ.૧૮૦૬૨.૭૬ કરોડનું ટર્નઓવર નોંધાયું હતું. કીમતી ધાતુઓમાં સોના-ચાંદી, તમામ બિનલોહ ધાતુઓ અને એનર્જી સેગમેન્ટમાં ક્રૂડ તેલ અને નેચરલ ગેસના વાયદાના ભાવમાં સાર્વત્રિક નરમાઈનો માહોલ હતો. કૃષિ કોમોડિટીઝમાં કોટનના વાયદાઓમાં ૩૬,૯૫૦ ગાંસડીના વોલ્યુમ સાથે ઓપન ઈન્ટરેસ્ટ ૨,૮૬,૭૦૦ ગાંસડીના સ્તરે રહ્યો હતો. કોટનના વાયદાના ભાવમાં સેંકડા ઘટી આવ્યા હતા. સીપીઓ અને રબરમાં સુધારા સામે કપાસ અને મેન્થા તેલ ઢીલાં હતાં.

કોમોડિટી વાયદાઓમાં કીમતી ધાતુઓમાં સોના-ચાંદીના વાયદાઓમાં કુલ ૧૨૬૬૯૮ સોદાઓમાં રૂ.૭૦૩૪.૪૬ કરોડનાં કામકાજ થયાં હતાં. સોનાના વાયદાઓમાં એમસીએક્સ સોનું એપ્રિલ વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૪૪૭૩૫ ખૂલી, ઊપરમાં રૂ.૪૪૮૮૬ અને નીચામાં રૂ.૪૪૫૬૬ ના મથાળે અથડાઈ પ્રથમ સત્રનાં અંતે રૂ.૧૯૨ ઘટીને રૂ.૪૪૭૫૬ બંધ રહ્યો હતો. ગોલ્ડ-ગિની માર્ચ કોન્ટ્રેક્ટ પ્રથમ સત્રનાં અંતે રૂ.૮૭ ઘટીને ૮ ગ્રામદીઠ રૂ.૩૬૦૭૭ અને ગોલ્ડ-પેટલ માર્ચ કોન્ટ્રેક્ટ પ્રથમ સત્રનાં અંતે રૂ.૧૯ ઘટીને ૧ ગ્રામદીઠ રૂ.૪૪૭૮ થયા હતા, જ્યારે સોનું-મિની માર્ચ વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૬૩ ઘટીને બંધમાં રૂ.૪૪૬૫૮ ના ભાવ રહ્યા હતા.

ચાંદીના વાયદાઓમાં ચાંદી માર્ચ કોન્ટ્રેક્ટ કિલોદીઠ રૂ.૬૬૪૩૭ ખૂલી, ઊપરમાં રૂ.૬૬૫૨૪ અને નીચામાં રૂ.૬૫૨૯૩ ના સ્તરને સ્પર્શી પ્રથમ સત્રનાં અંતે રૂ.૪૦૯ ઘટીને રૂ.૬૫૭૦૪ બંધ રહ્યો હતો. ચાંદી-મિની એપ્રિલ રૂ.૧૧૬૧ ઘટીને રૂ.૬૬૮૨૯ અને ચાંદી-માઈક્રો એપ્રિલ રૂ.૧૧૫૨ ઘટીને રૂ.૬૬૮૩૧ બંધ રહ્યા હતા.

એનર્જી સેગમેન્ટમાં કુલ ૫૩૪૯૭ સોદાઓમાં રૂ.૨૭૫૬.૧૩ કરોડનો ધંધો થયો હતો. ક્રૂડ તેલ માર્ચ કોન્ટ્રેક્ટ બેરલદીઠ રૂ.૪૫૦૪ ખૂલી, ઊપરમાં રૂ.૪૫૨૯ અને નીચામાં રૂ.૪૪૧૭ બોલાઈ પ્રથમ સત્રનાં અંતે રૂ.૭૮ ઘટીને રૂ.૪૪૪૭ બંધ રહ્યો હતો.

કૃષિ કોમોડિટીઝમાં ૨૯૨૮ સોદાઓમાં કુલ રૂ.૩૭૬.૦૮ કરોડનાં કામકાજ થયાં હતાં. કોટન માર્ચ વાયદો ગાંસડીદીઠ રૂ.૨૨૧૦૦ ખૂલી, ઊપરમાં રૂ.૨૨૧૫૦ અને નીચામાં રૂ.૨૨૦૦૦ સુધી જઈ પ્રથમ સત્રનાં અંતે રૂ.૧૮૦ ઘટીને રૂ.૨૨૦૧૦ ના સ્તરે બંધ રહ્યો હતો. સીપીઓ માર્ચ કોન્ટ્રેક્ટ ૧૦ કિલોદીઠ રૂ.૧૦૪૦ ખૂલી, પ્રથમ સત્રનાં અંતે રૂ.૪.૭ વધીને બંધમાં રૂ.૧૦૩૮.૨ ના ભાવ હતા, જ્યારે મેન્થા તેલ માર્ચ વાયદો કિલોદીઠ રૂ.૯૫૮ ખૂલી, ઊપરમાં રૂ.૯૫૮ અને નીચામાં રૂ.૯૪૫.૧ રહી, અંતે રૂ.૯૫૦.૧ બંધ રહ્યો હતો. કપાસ એપ્રિલ વાયદો ૨૦ કિલોદીઠ રૂ.૧૨૫૯ ખૂલી, ઊપરમાં રૂ.૧૨૫૯ અને નીચામાં રૂ.૧૨૫૨.૫ સુધી જઈ પ્રથમ સત્રનાં અંતે રૂ.૧૦ ઘટીને રૂ.૧૨૫૬ ના સ્તરે બંધ રહ્યો હતો.

વાયદાઓમાં કામકાજની દ્રષ્ટિએ પ્રથમ સત્ર સુધીમાં સોનાના વિવિધ વાયદાઓમાં મળીને ૨૫૯૬૨ સોદાઓમાં કુલ રૂ.૩૪૪૪.૭૧ કરોડ ની કીમતનાં ૭૬૯૨.૪૪૩ કિલો, ચાંદીના વિવિધ વાયદાઓમાં મળીને ૧૦૦૭૩૬ સોદાઓમાં કુલ રૂ.૩૫૮૯.૭૫ કરોડ ની કીમતનાં ૫૩૫.૬૨૩ ટન, ક્રૂડ તેલમાં ૨૦૪૪૫ સોદાઓમાં રૂ.૧૪૨૨.૬૭ કરોડનાં ૩૧૮૩૬૦૦ બેરલ્સ, કોટનમાં ૮૪૫ સોદાઓમાં રૂ.૮૧.૮૮ કરોડનાં ૩૬૯૫૦ ગાંસડી, સીપીઓમાં ૨૦૨૭ સોદાઓમાં રૂ.૨૯૧.૦૧ કરોડનાં ૨૮૦૦૦ ટન, મેન્થા તેલમાં ૧૯ સોદાઓમાં રૂ.૨.૧૬ કરોડનાં ૨૨.૬૮ ટન, કપાસમાં ૧૮ સોદાઓમાં રૂ.૬૭.૮૪ લાખનાં ૧૦૮ ટનના વેપાર થયા હતા. ઓપન ઈન્ટરેસ્ટ પ્રથમ સત્ર સુધીમાં સોનાના વાયદાઓમાં ૨૧૨૪૮.૭૮૩ કિલો, ચાંદીના વાયદાઓમાં ૫૧૮.૦૨૩ ટન, ક્રૂડ તેલમાં ૪૪૮૩ બેરલ્સ, કોટનમાં ૨૮૬૭૦૦ ગાંસડી, સીપીઓમાં ૧૦૯૨૦ ટન, મેન્થા તેલમાં ૫૨.૯૨ ટન અને કપાસમાં ૧૮૪ ટનના સ્તરે રહ્યો હતો.

સોનાનાં ઓપ્શન્સમાં સૌથી વધુ સક્રિય રહેલા કોન્ટ્રેક્ટોમાં કોલ ઓપ્શન્સનો રૂ.૪૭૦૦૦ ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો માર્ચ કોન્ટ્રેક્ટ ૧૦ ગ્રામદીઠ રૂ.૧૬૦ ખૂલી, ઊપરમાં રૂ.૧૮૯.૫ અને નીચામાં રૂ.૧૪૪.૫ રહી પ્રથમ સત્રનાં અંતે રૂ.૧૭૫ બંધ રહ્યો હતો, જ્યારે પુટ ઓપ્શન્સમાં રૂ.૪૪૦૦૦ ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો માર્ચ કોન્ટ્રેક્ટ ૧૦ ગ્રામદીઠ રૂ.૪૬૬ ખૂલી, ઊપરમાં રૂ.૫૬૦.૫ અને નીચામાં રૂ.૪૬૨ રહી પ્રથમ સત્રનાં અંતે રૂ.૫૩૫.૫ બંધ રહ્યો હતો. ચાંદીનાં ઓપ્શન્સમાં સૌથી વધુ સક્રિય રહેલા કોન્ટ્રેક્ટોમાં કોલ ઓપ્શન્સનો રૂ.૬૯૦૦૦ ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો એપ્રિલ કોન્ટ્રેક્ટ કિલોદીઠ રૂ.૨૬૨૮.૫ ખૂલી, ઊપરમાં રૂ.૨૬૯૯ અને નીચામાં રૂ.૨૩૨૭ રહી પ્રથમ સત્રનાં અંતે રૂ.૨૫૯૩ બંધ રહ્યો હતો, જ્યારે પુટ ઓપ્શન્સમાં રૂ.૬૯૦૦૦ ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો એપ્રિલ કોન્ટ્રેક્ટ કિલોદીઠ રૂ.૪૪૦૦ ખૂલી, ઊપરમાં રૂ.૪૮૪૬.૫ અને નીચામાં રૂ.૪૩૮૯ રહી પ્રથમ સત્રનાં અંતે રૂ.૪૪૯૨ બંધ રહ્યો હતો.

ક્રૂડ તેલનાં ઓપ્શન્સમાં સૌથી વધુ સક્રિય રહેલા કોન્ટ્રેક્ટોમાં કોલ ઓપ્શન્સનો રૂ.૪૫૦૦ ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો માર્ચ કોન્ટ્રેક્ટ બેરલદીઠ રૂ.૧૨૬ ખૂલી, ઊપરમાં રૂ.૧૫૬.૪ અને નીચામાં રૂ.૧૧૦ રહી પ્રથમ સત્રનાં અંતે રૂ.૧૨૩.૩ બંધ રહ્યો હતો, જ્યારે પુટ ઓપ્શન્સમાં રૂ.૪૪૦૦ ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો માર્ચ કોન્ટ્રેક્ટ બેરલદીઠ રૂ.૯૦.૮ ખૂલી, ઊપરમાં રૂ.૧૩૫ અને નીચામાં રૂ.૮૮.૧ રહી પ્રથમ સત્રનાં અંતે રૂ.૧૧૯.૩ બંધ રહ્યો હતો.

**અક્ષર પટેલે ૪, રવિચંદ્રન અશ્વિને ૩, મોહમ્મદ સિરાજે ૨ અને વી. સુંદરે ૧ વિકેટ લીધી**

## ટેસ્ટ ડે-૧ : ઈંગ્લેન્ડ ૨૦૫માં ઓલઆઉટ, ભારત ૨૪/૧

અમદાવાદ,તા.૪

ભારત અને ઈંગ્લેન્ડની વચ્ચે ચોથી અને અંતિમ ટેસ્ટ અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં રમાઈ રહી છે. ઈંગ્લેન્ડે ટોસ જીતેને પ્રથમ બેટિંગ કરવાનો નિર્ણય કર્યો હતો. પ્રથમ ઈનિંગમાં ઈંગ્લેન્ડ ૨૦૫ રનમાં ઓલઆઉટ થઈ ગયું છે. હાલ ૪ ટેસ્ટની સીરીઝમાં ભારત ૨-૧થી આગળ છે. ભારત વતી અક્ષર પટેલે ૪, રવિચંદ્રન અશ્વિને ૩, મોહમ્મદ સિરાજે ૨ અને વી. સુંદરે ૧ વિકેટ લીધી છે.મેચનો સંપૂર્ણ સ્કોરી જોવા માટે અહીં ક્લિક કરો

પ્રથમ દિવસના અંતે ભારત ૨૪/૧, ઈંગ્લેન્ડથી ૧૮૧ રન પાછળ છે. રોહિત શર્મા ૮ રને અને પુજારા ૧૫ રને રમતમાં છે. ભારતીય ઈનિંગ્સના ત્રીજા જ બોલે જેમ્સ એન્ડરસને શુભમન ગિલને વિકેટ આગળ પલ્મ્બ ન્મ્ઉ કર્યો હતો. ગિલે રિવ્યૂ લીધો. રિપ્લેમાં સ્પષ્ટ થયું કે બોલ પીચિંગ અને ઈમ્પેક્ટ ઈન લાઈન હતી. જ્યારે વિકેટ્સ હિટિંગ અમ્પાયર્સ કોલ હતો. ભારતે રિવ્યૂ તો ન ગુમાવ્યો પરંતુ ગિલે ખાતું ખોલાવ્યા વગર પેવેલિયન પરત ફરવું પડ્યું.



ઈંગ્લેન્ડની ટીમે બીજા સેશનમાં પ્રથમ સેશનની સરખામણીએ સારી બેટિંગ કરી. આ સત્રમાં તેમણે ૭૦ રન કર્યા અને ૨ વિકેટ ગુમાવી. બેન સ્ટોક્સે કરિયરની ૨૪મી ફિફટી ફટકારતાં ૧૨૧ બોલમાં ૫૫ રન કર્યા. જ્યારે લાંબી ઈનિંગ્સ રમવા માટે સેટ લાગતાં જોની બેરસ્ટો ૨૮ રને મોહમ્મદ સિરાજની બોલિંગમાં LBW થયો હતો. તે પછી ઓલી પૉપ અને ડેન લોરેન્સે ૯.૨ ઓવર ક્રિઝ પર ઊભા રહીને મેચને પૂરેપૂરી રીતે ભારતના કંટ્રોલમાં આવવા દીધી નથી. અંતિમ સેશનમાં જો આ જોડી ટકે તો મહેમાન ટીમને સન્માનજનક સ્કોર સુધી પહોંચાડી દેશે.

અક્ષર પટેલની બોલિંગમાં ડેનિયલ લોરેન્સે પ્લેસ કર્યો અને બોલ શોર્ટ લેગ પર ઉભેલા શુભમન ગિલના શૂઝને અડીને ડિફલેક્ટ થઈને પંત પાસે ગયો, જેણે સરળ કેચ કર્યો. જોકે, રિપ્લેમાં સ્પષ્ટ થયું કે શુભમન ગિલના શૂઝને અડયા પહેલાં બોલ જમીન પર અડયો હતો. ડેન લોરેન્સ અક્ષર પટેલની બોલિંગમાં ૪૬ રને ઋષભ પંત દ્વારા સ્ટમ્પ થયો. લોરેન્સને આઉટ કરીને અક્ષરે ઈનિંગ્સમાં ત્રીજી વિકેટ ઝડપી છે.

ડોમ બેસ અક્ષરની બોલિંગમાં બોલને ડિફેન્ડ કરવા જતા માત્ર બોલ અને પેડનું સંગમ કરાવી શક્યો હતો. તે ૩ રને ન્મ્ઉ થઈને પેવેલિયન ભેગો ફર્યો. તેણે લીધેલા રિવ્યૂનો પણ કોઈ ફાયદો થયો નહિ. તેને આઉટ કરીને અક્ષરે ઈનિંગ્સમાં ચોથી વિકેટ ઝડપી હતી.

## ભારત અંતિમ ટેસ્ટ જીતશે તો સતત ૧૩ ટેસ્ટ સિરીઝ જીતવાનો રેકોર્ડ બનાવશે

(જી.એન.એસ.)અમદાવાદ,તા.૩

ભારત અને ઈંગ્લેન્ડ વચ્ચે ચોથી ટેસ્ટ અમદાવાદમાં ગુરૂવારે શરૂ થશે. ચાર મેચની સિરીઝમાં ભારત ૨-૧થી આગળ છે. ભારત પાસે ટેસ્ટ સિરીઝ જીતવા અને વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપની ફાઈનલમાં પહોંચવાનો સોનોરી મોકો છે. ચોથી ટેસ્ટ ડ્રો કરવાથી પણ ભારત વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપની ફાઈનલમાં પહોંચી જશે. સાથે ભારતની આ સતત ૧૩ની ટેસ્ટ સિરીઝ જીત હશે.

ઈંગ્લેન્ડ સામે ૨૦૧૨નાં ઘરેલુ ટેસ્ટ સિરીજમાં મળેલી હાર બાદ ભારતે ઘર આંગણે એક પણ ટેસ્ટ



રિસીઝ હારી નથી. ૨૦૧૯માં બાંગ્લાદેશને ૨-૦થી હરાવીને ભારતે સતત ૧૨મી ટેસ્ટ સિરીઝ જીતવાનો કિર્તીમાન કર્યો હતો. ભારતે ઈન્દોર ટેસ્ટમાં બાંગ્લાદેશને એક પારી અને ૧૩૦ રને હાર આપી હતી. ત્યાર બાદ કોલકાતા ટેસ્ટમાં પણ ભારતે બાંગ્લાદેશને એક ઈનિંગ અને ૪૬ રનોથી હાર આપી હતી. ભારત બાદ બીજા નંબરે ઓસ્ટ્રેલિયાનું નામ આવે છે, જેમણે ઘર આંગણે સતત બે વાર ૧૦-૧૦ ટેસ્ટ સિરીઝ જીતી છે.

## વિરાટ કોહલીના નવા વલણોથી ટીમ દરેક મુશ્કેલીનો સામનો કરવા સજ્જ : સ્ટીવ વો

(જી.એન.એસ.)મેલબર્ન,તા.૩

ઓસ્ટ્રેલિયાના પૂર્વ કેપ્ટન સ્ટીવ વૉએ ભારતીય ક્રિકેટ ટીમના કેપ્ટન વિરાટ કોહલીના વખાણ કર્યા છે. સ્ટીવ વોનું માનવું છે કે વિરાટ કોહલીના નવા વલણોએ ટીમમાં દરેક મુશ્કેલીમાંથી લડવાની ટેવ નાખી છે. આજ કારણે આ ટીમ હવે ડરતી નથી અને વિરોધીઓને તેમના જ અંદાજમાં જવાબ આપે છે. સ્ટીવ વૉએ આ વાતો પોતાની નવી ડોક્યુમેન્ટ્રી કેપ્ચરિંગ ક્રિકેટ સ્ટીવ વો ઈન ઈન્ડિયામાં કહી છે. સ્ટીવ વૉએ કહ્યું કે ભારતીય ટીમની વિચારવાની રીતમાં બદલાવ લાવવાનો શ્રેય પણ વિરાટ કોહલીને આપ્યો છે. તેમણે કહ્યું કે મને કોહલી એટલે પસંદ છે કેમ કે ભારતીય ટીમના બદલેલા વલણો પાછળ તે જ છે. તેણે સાથી ખેલાડીઓમાં મુશ્કેલ પરિસ્થિતિમાં ન ડરવાનું વલણ ઉત્પન્ન કર્યુ છે. દરેક વસ્તુનો સામનો કરવાનો વિશ્વાસ અપાવ્યો અને એમ જણાવ્યું કે કોઈ પણ લક્ષ્યને મેળવી શકે છે. તે આધુનિક યુગનો હીરો છે. સ્ટીવ વોએ આ સિવાય આ ડોક્યુમેન્ટ્રીમાં ભારતીય ટીમના પૂર્વ કેપ્ટન રાહુલ દ્રવિડે પણ ભારતીય યુવા ક્રિકેટરોના વિચારમાં આવેલા બદલાવાનું એક કારણ ગણાવ્યું છે. રાહુલ દ્રવિડનું માનવું છે કે ભારતના યુવાનો આજે પણ માને છે કે તે કંઈ પણ મેળવી શકે છે. તેમની પાસે હંમેશાથી સમજ અને ક્ષમતા હતી.

## ટેસ્ટ ચેમ્પિયનશીપમાં ભારત સૌથી આગળ આઈસીસી રેન્કિંગમાં બીજા સ્થાને : પ્રથમ ન્યૂઝિલેન્ડ

નવી દિલ્હી,તા.૪

બ્રિસબેનના ગાબામાં ભારતીય ક્રિકેટ ટીમની યુવા બ્રિગેડે ઓસ્ટ્રેલિયાનું ઘમંડ તોડવાની સાથે અનેક કીર્તિમાન સ્થાપિત કર્યા છે. હકિકતમાં આ ટેસ્ટ શ્રેણી જીતવાથી ટીમ ઈન્ડિયા ટેસ્ટ ચેમ્પિયનશિપના પોઈન્ટ ટેબલમાં ફરી ટોપ પર પહોંચી ગઈ છે. તો ન્યૂઝીલેન્ડ બીજા અને ઓસ્ટ્રેલિયા ત્રીજા નંબર પહોંચી ગયું છે. બ્રિસબેનમાં જીતનો ફાયદો ભારતને ICC ટેસ્ટ રેન્કિંગમાં પણ થયો છે. ટીમ ઈન્ડિયા હવે ન્યૂઝલેન્ડ પછી બીજા નંબર પહોંચી ગઈ છે, તો ભારતે ઓસ્ટ્રેલિયાને ત્રીજા સ્થાને ધકેલી દીધું છે



અને ૧૧૮ પોઈન્ટની સાથે બીજા સ્થાને મજબૂતી સાથે કદમ જમાવી દિધા છે.

ટીમ ઈન્ડિયાએ અત્યાર સુધીમાં ગાબામાં સાત મેચ રમી છે અને પહેલી વખત જીત પ્રાપ્ત કરી છે. આ જીતની સાથે ટીમ ઈન્ડિયા ટેસ્ટ ચેમ્પિયનશિપના પોઈન્ટ ટેબલમાં પ્રથમ ક્રમાંક પહોંચી ગઈ છે. પોઈન્ટ ટેબલ મુજબ, ટીમ ઈન્ડિયાના કુલ ૪૩૦ પોઈન્ટ થઈ ગયા છે. તો ટીમની વિનિંગ પર્સન્ટેજ ૭૧.૧ ટકા છે, જે સૌથી વધુ છે. ભારતે અત્યાર સુધીમાં પાંચ સીરીઝ અંતર્ગત કુલ ૧૩ મેચ રમી છે જેમાંથી ૯માં જીત હાંસલ કરી છે. ભારતીય ટીમને ત્રણ મેચમાં હારનો સામનો કરવો પડ્યો છે. જ્યારે કે એક મેચ ડ્રો રહી છે. ગાબામાં હાર મેળવ્યા બાદ ઓસ્ટ્રેલિયા આ પોઈન્ટ ટેબલમાં ત્રીજા સ્થાને ધકેલાય ગયું છે.

ટેસ્ટ ચેમ્પિયનશિપની આ જીતની સાથે જ ભારતના ૭૧.૬૭ પર્સેન્ટેજ પોઈન્ટ્સ થઈ ગયા છે. આ સાથે જ ભારત ટોપ પર આવી ગયું છે. ન્યૂઝીલેન્ડ ૭૦ PCTની સાથે બીજા નંબરે જ્યારે અત્યાર સુધી ટોપ પર બની રહેલી ઓસ્ટ્રેલિયાની ટીમ ૬૯.૨ PCTની સાથે ત્રીજા નંબરે પહોંચી ગઈ છે.

## આઈપીએલ માટે સીએસકેની ટ્રેનિંગ શરૂ : કેપ્ટન ધોનીનું ધમાકેદાર વેલકમ

ચેન્નાઈ,તા.૪

ચેન્નઈ સુપરકિંગ્સનો કેપ્ટન મહેન્દ્રસિંહ ધોની IPLમાં અત્યાર સુધીમાં ૨૦૪ મેચ રમ્યો છે, જેમાં ૪૦.૯૯ની સરેરાશથી ૪૬૩૨ રન બનાવ્યા છે.

ધોની લીગની પહેલી સીઝન (૨૦૦૮)થી જ ચેન્નઈ ટીમનું સુકાન સંભાળી રહ્યો છે. આ સીઝનમાં પણ તેના હાથમાં ટીમની કમાન છે.

લીગની ૧૩મી સીઝનમાં ચેન્નઈ ટીમ પોઈન્ટ ટેબલમાં ૭માં નંબરે રહી હતી. તેને ૧૪માંથી માત્ર ૬ મેચમાં જીત મેળવી હતી, જ્યારે ૮ મેચમાં હારનો સામનો કરવો પડ્યો હતો

ઈન્ડિયન પ્રીમિયર લીગને લઈને



મહેન્દ્રસિંહ ધોની પોતાની ટીમ ચેન્નઈ સુપરકિંગ્સ (CSK) સાથે જોડાય ગયો છે. જે અંતર્ગત તે ચેન્નઈ પહોંચ્યો છે. જ્યાં તેનું ગ્રાંડ વેલકમ થયું. તેની સાથે અંબાતી રાયડુ પણ ટીમ સાથે જોડાય ગયો છે.

## સાઈના નેહવાલ બનશે પરિણીતા ચોપરા : 'સાઈના' ફિલ્મનું ટીઝર રિલીઝ



મુંબઈ,તા.૪

બેડમિન્ટન ચેમ્પિયન સાઈના નેહવાલની બાયોપિક 'સાઈના' થિયેટરમાં રિલીઝ થવા માટે તૈયાર છે. ફિલ્મમાં પરિણીતા ચોપરાએ લીડ રોલ પ્લે કર્યો છે. થોડાં દિવસ પહેલાં જ ફિલ્મની રિલીઝ ડેટ જાહેર કરવામાં આવી હતી. હવે ફિલ્મનું ટીઝર રિલીઝ કરવામાં આવ્યું છે. પરિણીતીના ફિલ્મની કરિયરની આ પહેલી સ્પોર્ટ્સ બાયોપિક છે.

સાઈનાના ટીઝરની શરૂઆતમાં લિંગ ભેદભાવનો મુદ્દો બતાવવામાં આવ્યો છે. પરિણીતીના વોઈસઓવરમાં કહેવામાં આવ્યું છે કે દેશમાં સવા સો કરોડની વસતીમાં અડધી મહિલાઓ છે, પરંતુ યુવકોને પ્રોત્સાહન આપવામાં આવી રહ્યું છે અને યુવતીઓનું જીવન રસોડામાં શરૂ થઈને લગ્નમાં પૂરું થાય છે. ટીઝરમાં સાઈનાની ઉપલબ્ધિઓના વિઝ્યુઅલ્સને હાઈલાઈટ કરવામાં આવ્યું છે.

ટીઝર શૅર કરીને પરિણીતીએ કહ્યું હતું કે ટૂંક સમયમાં ટ્રેલર રિલીઝ કરવામાં આવશે. આ ફિલ્મને અમોલ ગુપ્તેએ ડિરેક્ટ કરી છે. માનવ કૌલ કોચ પી ગોપીચંદના રોલમાં જોવા મળશે. ઉલ્લેખનીય છે કે પહેલાં આ ફિલ્મમાં શ્રદ્ધા કપૂરને લેવામાં આવી હતી. તેણે ફિલ્મ માટે ટ્રેનિંગ પણ લીધી હતી. જોકે, પછી ડેટ્સની સમસ્યા થતાં શ્રદ્ધાએ ફિલ્મમાં કામ કરવાની ના પાડી દીધી હતી.

ફિલ્મ ૨૬ માર્ચે રિલીઝ થશે. ૨ માર્ચના રોજ પરિણીતીએ ટીઝરની જાહેરાત સાથે ફિલ્મની રિલીઝ ડેટ અનાઉન્સ કરી હતી. થિયેટરમાં રિલીઝ થનારી પરિણીતીની આ બીજી ફિલ્મ છે. આ પહેલાં યશરાજ બેનરની ફિલ્મ 'સંદીપ ઔર પિંકી ફરાર' ૧૯ માર્ચે રિલીઝ થશે. ફિલ્મમાં અર્જુન કપૂર છે.

૨૦૨૧નું વર્ષ પરિણીતી માટે સારું રહ્યું છે. સૌ પહેલાં તેની 'ધ ગર્લ ઓન ધ ટ્રેન' રિલીઝ થઈ હતી. આ ફિલ્મ ૨૬ ફેબ્રુઆરીએ નેટફ્લિક્સ પર સ્ટ્રીમ થઈ હતી. ૨૦૧૯માં પરિણીતીની 'કેસરી' તથા 'જબરિયા જોડી'માં જોવા મળી હતી.

## બોલીવુડની બેસ્ટ સિંગર શ્રેયા ઘોષાલ લગ્નના છ વર્ષ બાદ પ્રેગ્નેટ



મુંબઈ,તા.૪

બોલિવૂડની લોકપ્રિય સિંગર્સમાંથી એક શ્રેયા ઘોષાલ લગ્નના છ વર્ષ બાદ માતા બનાવાની છે. તેણે સો.મીડિયામાં બેબી બમ્પની તસવીર શૅર કરીને આ અંગેની માહિતી આપી હતી. ખાસ વાત એ છે કે તેણે પોતાના બાળકનું નામ પણ જાહેર કરી દીધું છે. ૩૬ વર્ષીય શ્રેયાએ પોતાના તથા પતિ શિલાદિત્ય મુખોપાધ્યાયના નામને જોડીને બાળકનું નામ પાડ્યું છે.

શ્રેયાએ સો.મીડિયામાં કહ્યું હતું, 'બેબી શ્રેયાદિત્ય રસ્તામાં છે. શિલાદિત્ય અને હું તમારી સાથે આ સમાચાર શૅર કરવામાં ઘણી જ ખુશી અનુભવીએ છીએ. તમારા બધાના પ્રેમ તથા આશીર્વાદની જરૂર છે. અમે જીવનના આ નવા ચેપ્ટર માટે તૈયાર છીએ.' સો.મીડિયા યુઝર્સે શ્રેયાને શુભકામના પાઠવી હતી.

૨૦૧૫માં પાંચ ફેબ્રુઆરીએ શ્રેયાએ લૉંગ ટાઈમ બોયફ્રેન્ડ શિલાદિત્ય મુખોપાધ્યાય સાથે લગ્ન કર્યા હતા. આ સેરેમની પ્રાઈવેટ હતી, જેમાં બંનેના પરિવાર તથા નિકટના મિત્રો જ હાજર રહ્યા હતા. શ્રેયાએ ૬ ફેબ્રુઆરીના રોજ ચાહકોને લગ્નની વાત શૅર કરી હતી. સો.મીડિયામાં લગ્નની તસવીર શૅર કરીને કહ્યું હતું, 'ગઈ કાલ રાત્રે પરિવાર તથા ફ્રેન્ડ્સની હાજરીમાં મેં મારા પ્રેમ શિલાદિત્ય સાથે લગ્ન કર્યા. નવા જીવનના રોમાંચ અંગે ઉત્સાહી છું.'

શ્રેયાએ બોલિવૂડ કરિયરની શરૂઆત સંજય લીલા ભણસાલીની ફિલ્મ 'દેવદાસ'થી કરી હતી. ૭૫મા ચિલ્ડ્રેન્સ ડે સ્પેશિયલ શોમાં ડિરેક્ટર સંજય લીલા ભણસાલીએ શ્રેયાનું પર્ફોર્મન્સ જોયું તો તેઓ ઘણાં જ પ્રભાવિત થયા હતા અને તેમણે 'દેવદાસ'માં ગાવાની તક આપી હતી.

એક ઈન્ટરવ્યૂમાં શ્રેયાએ કહ્યું હતું, 'સંજયજીએ મને શોધવાનો પ્રયાસ કર્યો હતો. હું તે ફોન ક્યારેય ભૂલીશ નહીં. મને વિશ્વાસ નહોતો કે 'હમ દિલ દે ચૂકે સનમ'ના ડિરેક્ટર ફોન પર હતાં અને મારી સાથે વાત કરી હતી.' 'દેવદાસ'માં શ્રેયાએ પાંચ ગીતો 'સિલસિલા યે ચાહત કા..', 'બેરી પિયા..', 'છલક છલક..', 'મોરે પિયા..', 'દિલ ડોલા રે..'ગાયા હતા.

શ્રેયાએ 'ઝહર', 'પરિણીતા', 'રબ ને બના દી જોડી', 'વિવાહ', 'ધ કિલર', 'હોલિડે', 'ઓમ શાંતિ ઓમ', 'જબ વી મેટ', '૩ ઈડિયટ્સ', 'ધ ડર્ટી પિક્ચર', 'બોલ બચ્ચન', 'પીકે', 'કલંક', 'તાન્હાજીઃ ધ અનસંગ વૉરિયર' જેવી ફિલ્મમાં ગીત ગાયા છે. શ્રેયાને ૪ નેશનલ અવોર્ડ તથા ૧૬ ફિલ્મફેર અવોર્ડ મળ્યા છે.

બેંગ્લુરુ પ્રથમ, પૂણે બીજા અને અમદાવાદ ત્રીજા સ્થાને, સુરત, વડોદરા ટોપ-ટેનમાં સામેલ

# દેશના રહેવાલાયક ટોપ-૧૦ શહેરોમાં ગુજરાતના ત્રણ

### ઇઝ ઓફ લિવિંગ ઇન્ડેક્સ જાહેર, ૧૧૧ શહેર સર્વેમાં સામેલ થયા

(જી.એન.એસ)ન્યુ દિલ્હી,તા.૩

ઈઝ ઓફ લિવિંગ એટલે કે રહેવા લાયક દેશના સૌથી શ્રેષ્ઠ શહેરોની યાદી જાહેર કરાઈ છે. ગુજરાતના ત્રણ શહેરો સામેલ થયા છે. ભારત સરકારે જારી કરેલા લિસ્ટમાં ટોપ ટેનમાં દેશના મેટ્રો સિટીમાં બેંગ્લોર સૌથી શ્રેષ્ઠ અને ઓછી વસ્તી ધરાવતાં શહેરમાં શિમલા નંબર ૧ પર છે. જ્યારે અમદાવાદ ટોપ ટેનમાં ત્રીજા નંબરે છે. સુરત પાંચમા, વડોદરા આઠમા નંબરે છે. આ સિવાય પૂણે બીજા નંબરે, ચેન્નઈ ચોથા, નવી મુંબઈ છઠ્ઠા, કોઈમ્બતૂર સાતમા ઈન્દોર નવમા અને ગ્રેટર મુંબઈ દસમા સ્થાને છે. ઈઝ ઓફ લિવિંગ ઈન્ડેક્સ અને મ્યુનિસિપલ પર્ફોમન્સ ઈન્ડેક્સ ૨૦૨૦માં જાહેર કરાયેલી યાદીમાં સમાવિષ્ઠ છે

જ્યારે દેશની ટોપ મ્યુનિસિપાલ્ટીઝમાં ગુજરાતના ત્રણ શહેરો સામેલ થયા છે. ભારત સરકારે જારી કરેલા લિસ્ટમાં ટોપ ટેનમાં સુરત બીજા, અમદાવાદ છઠ્ઠા અને વડોદરા ૧૦મા સ્થાને છે. દેશમાં ટોપ પર ઈન્દોર છે. જ્યારે ત્રીજા સ્થાને ભોપાલ, ચોથા સ્થાને પીંપરી ચીંચવાડ, પાંચમા સ્થાને પૂણે, સાતવા સ્થાને રાયપુર, આઠવા સ્થાને ગ્રેટર મુંબઈ અને નવા સ્થાને વિશાખાપટ્ટનમ છે.

ઈઝ ઓફ લિવિંગના કેસમાં દેશના મહાનગરોમાં બેંગલુરુ સૌથી સારુ અને ઓછી વસ્તીવાળા શહેરમાં શિમલા



નં-૧ છે. આ પ્રમાણે દિલ્હીનો ક્રમ ૧૩ પર છે. ટોપ-૨૦ શહેરોમાં મધ્ય પ્રદેશનું ઈન્દોર, ભોપાલ, છત્તીસગઢનું રાયપુર, ગુજરાતના અમદાવાદ, સુરત, વડોદરા અને રાજકોટ, મહારાષ્ટ્રનું પુણે, નવી મુંબઈ અને ગ્રેટર મુંબઈ સહિત ૭ શહેરો સામેલ છે. આ વાત સરકાર તરફથી જાહેર કરવામાં આવેલા ઈધ ઓફ લિવિંગ ઈન્ડેક્સ અને મ્યુનિસિપલ પર્ફોમન્સ ઈન્ડેક્સ ૨૦૨૦માં સામે આવી છે. ઈઝ ઓફ લિવિંગ ઈન્ડેક્સમાં ૧૧૧ શહેરોનો સર્વે સામેલ છે. તેમાં ૪૯ શહેર ૧૦ લાખથી વધારે વસતીવાળા (મિલિયન પ્લસ) છે. જ્યારે ૬૨ શહેર ૧૦ લાખથી ઓછી વસતી વાળા છે.

મ્યુનિસિપલ પરફોર્મન્સ ઈન્ડેક્સના આધાર પર ઈન્દોર દેશમાં નંબર-૧ શહેર છે. આ ઈન્ડેક્સને ૧૧૪ નગર નિગમના ૨૦ સેક્ટર અને ૧૦૦ ઈન્ડિકટરના આધાર પર બનાવવામાં આવ્યું છે. તેમાં મિલિયન પ્લસ શહેરોમાં ઈન્દોર, સુરત અને ભોપાલ ટોપ-૩માં રહેલા છે. જ્યારે ઓછી વસ્તી કે શહેરી નિગમમાં નવી દિલ્હી, તિરુપતિ અને ગાંધીનગર ટોપ-૩ શહેર છે. શહેરની આર્થિક ક્ષમતાના આધાર પર બેંગલુરુ, દિલ્હી, પુણે, અમદાવાદ અને થાણે દેશના ટોપ-૫ શહેર છે. આર્થિક સ્તર પ્રમાણે દિલ્હી નંબર-૧ છે. ત્યારપછી બેંગલુરુ, હૈદરાબાદ અને ચેન્નાઈનો નંબર આવે છે. સસ્ટેનિબિલિટીમાં પુણે, વિશાખાપટ્ટનમ, પિંપરી ચિંચવાડ, અમદાવાદ અને ગ્વાલિયર ટોપ શહેરો માં છે. પર્યાવરણ પ્રમાણે ટોપ-૧૦ શહેરોમાં એકલા તમિલનાડુના ૬ શહેર સામેલ છે.

# સ્થાનિક સ્વરાજની ચૂંટણી બાદ સુકાનીઓની વરણી શિવરાત્રી બાદ

### સ્થાનિક કક્ષાએથી પદાધિકારીઓની દોડમાં એકથી વધુ દાવેદારોના નામ ઉછળ્યા, મોવડીનું માર્ગદર્શન મંગાવ્યું!

ચક્રવાત ટીમ, રાજકોટ તા.૪

રાજ્યમાં જિલ્લા, તાલુકા પંચાયતો, નગરપાલિકા તેમજ ૬ મહાનગરોની ચૂંટણી પ્રક્રિયા સંપન્ન થયા બાદ પ્રદેશ મોવડીઓ વિધાનસભાના બજેટસત્રમાં વ્યસ્ત હોવાથી પ્રદેશ ભાજપ દ્વારા બહુમતી મેળવેલ હોય તેવી સંસ્થાઓમાં સુકાની ઉપરાંત અન્ય પદાધિકારીઓની નિમણુંકોના મામલે આગામી શનિ-રવિવારે ચર્ચા વિચારણા હાથ ધર્યા બાદ શિવરાત્રીના તહેવાર આસપાસ આ વરણી અંગેની જાહેરાત કરવા તૈયારીઓ હાથ ધરવામાં આવી છે.

ભાજપ દ્વારા મોટાભાગની સ્થાનિક સ્વરાજની સંસ્થાઓ કબ્જે કરવામાં આવેલ હોવાથી પક્ષનાં ચૂંટાયેલા સભ્યોની સંખ્યા વધુ પડતી હોવાથી પ્રદેશ મોવડીઓ સમક્ષ હોદા મેળવવા ઈચ્છુકોની યાદી પણ લાંબી બની જવા પામેલ છે. ત્યારે કોને સાચવવા અને કોને કાપવા એ પ્રશ્ન હાલ પેચીદો બનતા સ્થાનિક નેતાગીરી દ્વારા પ્રદેશ મોવડીઓ પાસે માર્ગદર્શન માંગવામાં આવતા પ્રદેશ નેતાગીરી દ્વારા આ મામલે આગામી શનિ-રવિ દરમ્યાન સ્થાનિક ચૂંટાયેલા સભ્યો સાથે મસલત કર્યા બાદ સુકાની તેમજ અન્ય પદાધિકારીઓની વરણી અંગેની જાહેરાત કરવા વિચારણા હાથ ધરેલ છે. પ્રદેશ ભાજપનાં જાણકાર સુત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો અનુસાર સ્થાનિક સ્વરાજની સંસ્થાના સુકાની-પદાધિકારીઓની નિમણુંકની પ્રક્રિયા શિવરાત્રીથી શરૂ કરવામાં અ ાવનાર છે. જે સંભવત ત્રણેક દિવસ સુધી ચાલશે. પહેલા ૬ મહાનગરોના પદાધિકારી બાદ અન્ય સ્થાનિક સ્વરાજની સંસ્થાના સુકાની તેમજ હોદેદારો અને પદાધિકારીની નિમણુંક ચાલુ માસના અંત સુધીમાં થઈ જશે તેમ જાણવા મળેલ છે.

## મહેસાણાના સંઘપુરમાં જેસીબીની ટક્કરે પિતા-પુત્રનું ઘટના સ્થળે મોત



(જી.એન.એસ)મહેસાણા,તા.૩

મહેસાણા જિલ્લાના વિજાપુરના સંઘપુર ગામમાં ઘરેથી દૂધ ભરાવા જઈ રહેલા પિતા પુત્રનું માર્ગ અકસ્માતમાં ઘટના સ્થળે જ મોત નીપજ્યું હતું. પિતા પુત્રના એક સાથે મોતથી સમગ્ર પંથકમાં અરેરાટી ફેલાઈ છે.

મહેસાણાના વિજાપુર તાલુકામાં આવેલ સંઘપુર ગામમાં પિતા અને ત્રણ વર્ષનો પુત્ર રોજિંદા સમયે મુજબ બાઈક પર દૂધ લઈને વિજાપુરથી સંઘપુર ગામે ભરાવા જઈ રહ્યા હતા. એ દરમિયાન JCBની ટક્કર વાગતા બાઈક અને ઝત્નમ વચ્ચે અકસ્માત સર્જાયો હતો. જેમાં પિતા પુત્રનું ઘટના સ્થળે કમકમાટી ભર્યું મોત નીપજ્યું હતું. ઘટનાની જાણ થતાં આસપાસના લોકો દોડી આવ્યા હતા અને પરિવારને જાણ કરી હતી. ત્યારબાદ પિતા-પુત્રના મૃતદેહને પી.એમ.અર્થે વિજાપુર હોસ્પિટસમાં ખસેડાયા હતા.

## વડોદરામાં ભાજપના પૂર્વ કોર્પોરેટરોની પાર્ટીમાં પાણીપૂરીની બદલે દારૂપૂરી

(જી.એન.એસ.)વડોદરા,તા.૪

વડોદરામાં કેટરિંગનો વ્યવસાય કરનારા પૂર્વ કોર્પોરેટરના કર્મચારીની બર્થડે પાર્ટીમાં દારૂની મહેફિલ સાથે પાણીપુરીની પુરીમાં દારૂ ભરી દારૂ પુરીની મોજ માણતા વિડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થતાં ભાજપ મોરચે ચર્ચાનો વિષય બન્યો છે.



વડોદરા મ્યુનિસિપલ કોર્પોરેશનના પૂર્વ કોર્પોરેટર નીતિન કાછીયા પટેલ હાલ તેઓ લગ્ન પ્રસંગમાં કેટરિંગનો વ્યવસાય કરે છે. તેઓને ત્યાં ફરજ બજાવતા નારી ભાઈ નામના કર્મચારીની ગઈરાત્રે બર્થ ડે પાર્ટી યોજી હતી.

વડોદરા શહેરમાં એક બાજુ નવા પોલીસ કમિશનર આવ્યા બાદ દારૂબંધીનો કડક અમલ થઈ રહ્યો હોવાની ગુલબાંગો પોકારવામાં આવી રહી છે. દેશી દારૂ પીને ધમાલ કરનારા મજૂરો વ્યક્તિઓને ઝડપી પાડી કેસ કરવામાં આવે છે જ્યારે કોર્પોરેશનની ચૂંટણીમાં પણ દારૂની વહેંચણી થઈ હોવાની વાતો વહેતી થઈ હતી તો બીજી બાજુ ભાજપના કાર્યકરો બર્થ ડે પાર્ટીમાં દારૂની મહેફિલ જમાવે છે એટલું જ નહીં પોતે જ સોશિયલ મીડિયા પર ફોટોગ્રાફ્સ અને વિડીયો વાયરલ કરી પોલીસને પડકાર ફેંકી રહ્યા છે.

## સુરતમાં ફાયર સેફ્ટિના અભાવે ૩૨ હોસ્પિટલો સીલ કરી દેવાઈ

ફાયર વિભાગનો સપાટો

સુરતમાં ફાયર સેફટીની બેદરકારી બદલ ૩૨ હોસ્પિટલો સીલ કરી દેવાઈ

(જી.એન.એસ.)સુરત,તા.૪

સુરત શહેરમાં સતત બીજા દિવસે ફાયર વિભાગ દ્વારા શહેરના વિવિધ વિસ્તારોમાં ફાયર સેફટી નો અભાવ હોય તેવી હોસ્પિટલો અને કોમ્પલેક્સની દુકાનોમાં સીલ કરવાની કામગીરી મોટા પાયે શરૂ કરવામાં આવી હતી. જેને લઈને શહેરભરમાં ફફડાટ ફેલાયો છે. અગાઉ નોટિસ ફાયરબ્રિગેડ દ્વારા અપાઈ હોવા છતાં ફાયર સેફટીના મુદ્દે કોઈ કામગીરી ન કરનારી ૩૨ જેટલી હોસ્પિટલ, દુકાનો સહિતના કોમ્પ્લેક્સને સીલ કરવાની કામગીરી હાથ ધરવામાં આવી હતી.

ફાયર વિભાગે અલગ-અલગ વિસ્તારોના ફાયર સ્ટેશનના અધિકારીઓ અને સુચના આપી હતી કે, તેમના વિસ્તારમાં જે પણ હોસ્પિટલો હોય તે હોસ્પિટલોની તપાસ કરવામાં આવે અને જ્યાં ફાયરસેફટી નો અભાવ દેખાય તે હોસ્પિટલોને તાત્કાલિક અસરથી સીલ મારવાની કામગીરી કરવામાં આવે. જેને ધ્યાનમાં રાખીને આજે વહેલી સવારથી જ ફાયર વિભાગની અલગ અલગ ટીમ વિવિધ વિસ્તારોમાં જઈને ફાયર સેફટીની સુવિધાનો અભાવ જોવા મળ્યો હતો.તે હોસ્પિટલોને સીલ કરવાની કામગીરી શરૂ કરી હતી.

ફાયર વિભાગે આજે વહેલી સવારે ૩૨ જેટલી હોસ્પિટલો અને સીલ કરવાની કામગીરી કરી હતી. જે હોસ્પિટલોની અંદર ફાયર સેફટીનો અભાવ હતો. તે હોસ્પિટલોને અગાઉ પણ નોટિસ આપવામાં આવી હતી.

## શું રાજસત્તા પાસે ધર્મસત્તા ઝાંખી પડી ગઈ છે?



### કુંભમાં લાખોની હાજરી ધરાવતો મેળો ચાલુ તો મહાશિવરાત્રીનો મેળો કેમ બંધ?

ચક્રવાત ટીમ જૂનાગઢ,તા.૪

જૂનાગઢ ખાતે હજારો વર્ષોથી દર વર્ષે નિયમિત યોજાતા દેવાધિદેવ ભગવાન શિવની આરાધના માટેના મહાશિવરાત્રીનો મેળો બંધ રાખવા પાછળ કોની ભૂંડી ભૂમિકા રહેલી છે? તે બાબતને લઈને સાધુ સમાજમાં અનેક તર્કવિતર્કો ઉઠવા પામ્યા છે. જો કુંભ ખાતે લાખોના મેળાને સરકારની મંજૂરી મળતી હોય તો જૂનાગઢના મહાશિવરાત્રીના મેળા ને કેમ નહિ ? જૂનાગઢનો સાધુ સમાજ શું રાજસત્તા પાસે લાચાર છે? મહાશિવરાત્રીના મેળામાં દર વર્ષે આવતા લાખો શ્રદ્ધાળુઓમાં પ્રશ્ન ઉઠવા પામ્યો છે.

## અમદાવાદ જિલ્લા પંચાયતમાંથી ભાજપના એક સભ્ય રાજીનામુ આપશે

### પ્રમુખ પદના ઉમેદવાર ન હોવાથી નવા ઉમેદવારને જીતાડી પ્રમુખ બનાવશે

ચક્રવાત ટીમ, અમદાવાદ તા.૪

અમદાવાદ જિલ્લા પંચાયતની ચૂંટણીનાં પરિણામો બાદ ભાજપને સ્પષ્ટ બહુમતિ મળેલ હોવા છતાં પક્ષ પાસે પ્રમુખપદ માટેના યોગ્ય ઉમેદવાર ચૂંટાયેલ ન હોવાથી પ્રમુખપદની લાયકાત ધરાવતા ઉમેદવાર કોંગ્રેસપક્ષમાંથી ચૂંટાયા હોવાથી કોંગ્રેસને પ્રમુખપદ આપવું ન પડે તે માટે પક્ષની નેતાગીરીએ જિલ્લા પંચાયમાં ચૂંટાયેલા પૈકી કોઈ એક સભ્યને રાજીનામું અપાવી પેટા ચૂંટણી યોજી આ બેઠક પરથી રોટેશન મુજબની લાયકાત ધરાવતી વ્યક્તિને ચૂંટણી લડાવી જીતાડ્યા બાદ પ્રમુખપદે બેસાડવા અંગેની કવાયત હાથ ધરી છે.

## લલિત કગથરા સ્વસ્થ જણાતા હોસ્પિટલમાંથી રજા અપાઈ

ચક્રવાત ટીમ, ગાંધીનગર તા.૪



આજે અહીં વિધાનસભાના ચાલતા બજેટસત્ર દરમ્યાન પડધરી-ટંકારા વિસ્તારનાં કોંગ્રેસનાં ધારાસભ્ય લલિત કગથરાની તબીયત થોડી અસ્વસ્થ થતાં ચાલુ સત્ર દરમ્યાન તેમને ગાંધીનગર ખાતેની સિવીલ હોસ્પિટલમાં ખસેડાયેલ જ્યાં તબીબોએ તેમના ચેકઅપ કરતા સ્વસ્થ માલુમ પડતાં તેમને હોસ્પિટલમાંથી સાંજે રજા આપવામાં આવેલ હતી.

આજે મોડી રાત્રે ફોન પર લલિત કગથરાનો સંપર્ક સાધતા તેમણે પોતે સ્વસ્થ હોવાનું જણાવેલ હતું. લલિત કગથરાને હોસ્પિટલે ખસેડવામાં આવ્યાની જાણ થતાં કોંગ્રેસના ધારાસભ્યો તેમજ આગેવાનો ઉપરાંત અનેક શુભેચ્છકો હોસ્પિટલ ખાતે દોડી ગયા હતા તેમજ ફોન મારફત સતત સંપર્કમાં રહ્યા હતા.

## દાહોદમાં પરાજીત કોંગી ઉમેદવારના ઘરે હૂમલો : ત્રણને ઈજા, વાહનોમાં તોડફોડ

(જી.એન.એસ.)દાહોદ,તા.૪

રાજ્યમાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી પૂર્ણ થઈ છે. પણ ચૂંટણીમાં અંગત અદાવતને કારણે હવે હુમલાઓની ઘટનાઓ સામે આવી રહી છે. ઘોઘામાં સરઘસ બાદ એક દલિત આધેડની હત્યા બાદ હવે દાહોદના વરમખેડામાં ચૂંટણીની અદાવતમાં ધીંગાણાની ઘટના સામે આવી છે. જેમાં ટોળાંએ હારેલા ઉમેદવારના ઘર પર હુમલો કર્યો હતો. અને ત્રણ લોકોને માર મારી ચાર જેટલાં વાહનોમાં તોડફોડ પણ કરી હતી.

દાહોદના વરમખેડામાં કોંગ્રેસથી બાલીબેન બારીયા વરમખેડાથી તાલુકા પંચાયતની ચૂંટણી લડતા હતા. પણ તેઓ ભાજપના ઉમેદવાર ભીમાભાઈ પરમાર સામે હારી ગયા હતા. જીત બાદ ભીમા પરમારે વિજય સરઘસ કાઢ્યું હતું. અને તેણે બાલીબેનના ઘર આગળથી પસાર થતાં 'હું ચૂંટણીમાં જીતી ગયો, તમે શું ઉખાડી લીધું' તેમ કહી ગાળો આપી હતી.

જે બાદ સરઘસમાં રહેલાં ભીમા પરમારના સમર્થકો અને કાર્યકરો સહિતના ૫૦ જેટલાં માણસોનાં ટોળાંએ બાલીબેનના ઘરે પથ્થરમારો શરૂ કરી દીધો હતો. અને હથિયારો વડે હુમલો કરી દીધો હતો. આ ઉપરાંત ઘર પાસે પડેલાં ચારેક જેટલાં વાહનોમાં પણ તોડફોડ કરી હતી. અને પથ્થરમારા અને લાકડીઓ વડે હુમલો કરતાં ત્રણ લોકોને ઈજા પણ પહોંચી હતી. આ મામલે પોલીસ ફરિયાદ કરવામાં આવી છે.

## વિકાસશીલ ગુજરાત : મસ મોટું બજેટ તો બહાર બહાર પાડ્યું પરંતુ દેવું ૨,૬૭,૬૫૦ કરોડ

(જી.એન.એસ.)ગાંધીનગર,તા.૪

ગુજરાત ભલે વિકાસ મામલે ગતિ કરી રહ્યું હોય, પરંતુ તમને જાણીને નવાઈ લાગશે કે ગુજરાત પણ દેવાદાર છે. ગુજરાતના માથે કરોડોનું દેવુ છે. વર્ષ ૨૦૧૯- ૨૦ સુધી ગુજરાત પર રૂ. ૨,૬૭,૬૫૦ કરોડનું દેવું થઈ ગયું છે. વિવિધાનસભા ગૃહમાં નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલે આ અંગે લેખિતમાં કબૂલાત કરી હતી. તો સાથે એ માહિતી પણ અપાઈ કે, લોન પર સૌથી વધુ વ્યાજ કેન્દ્રીય દેવા પાછળ ચૂકવાય છે. તો ૩૧ માર્ચ ૨૦૨૧ ના ફાઈનાન્શિયલ વર્ષ પછી ગુજરાતનું દેવુ વધીને ૩,૦૦,૯૫૯ કરોડ પર પહોંચી જશે. તો બે વર્ષ બાદ ૨૦૨૩-૨૪ સુધીમાં આ રકમ ૪,૧૦,૯૮૯ કરોડ પર પહોંચી જવાની શક્યતા છે. બે વર્ષમાં ગુજરાતના માથા પરના દેવાની રકમ વધી ગઈ છે.

નાણાંકીય સંસ્થાઓની લોન માટે ૩.૧૫થી ૮.૭૫ ટકા વ્યાજ ચૂકવાય છે. બજાર લોન માટે ૬.૬૮થી ૯.૭૫ ટકા વ્યાજ ચૂકવાય છે. કેન્દ્રીય દેવા માટે ૦થી ૧૩ ટકા વ્યાજ ચૂકવાય છે. તો એનએસએસએફ લોન માટે ૯.૫૦થી ૧૦.૫૦ ટકા વ્યાજ ચૂકવાય છે. ગુજરાતના માથા પર આટલુ દેવુ કેવી રીતે વધ્યુ તે વિશે જાણીએ તો, મોટાભાગનું દેવુ એક જ વર્ષમાં થયું છે. ૨૦૨૦-૨૧ના વર્ષમાં કેન્દ્ર પાસેથી લીધેલી લોન, બજાર લોન, પાવર બોન્ડ રૂપે તેમજ નાણાંકીય સંસ્થાઓ તથા બેંકો પાસેથઈ લીધેલી લોન અંતર્ગત આ રૂપિયા વધ્યા છે.

ગાંધીનગર ગુજરાત વિધાનસભા પ્રશ્નોત્તરી દરમિયાન ગુજરાતે અન્ય રાજ્યો પાસેથી કેટલા રૂપિયા લેવાના બાકી છે તે માહિતી પણ મળી હતી. ગુજરાત સરકારે સરદાર સરોવર નર્મદા યોજના અન્વયે કરોડો રૂપિયા પડોશી રાજ્યો પાસેથી લેવાના બાકી છે. જે મુજબ, ૩૧ ડિસેમ્બર, ૨૦૨૦ ની સ્થિતિએ મધ્યપ્રદેશ પાસેથી ૪૭૬૪.૩૫ કરોડ રૂપિયા લેવાના બાકી છે. મહારાષ્ટ્ર પાસેથી ૧૬૨૭.૬૬ કરોડ અને રાજસ્થાન પાસેથી ૫૪૨.૧૮ કરોડ રૂપિયા લેવાના બાકી છે. આમ, કુલ ૬૯૩૪.૧૯ કરોડ રૂપિયા ગુજરાતે ત્રણ પાડોશી રાજ્યો પાસેથી લેવાના બાકી છે.












Chakrvat (morning Daily): owner, publisher & printer : kalavadia jignesh Bhimjibhai,published at : 301/D, jivrajnagari, Ambika township,nr. Nana mava, Rajkot.printed at : Azad sandesh printing press, Navagam, Rajkot.,Editor : Yakub rahemanbhai badi*(responsible for news editing)